**આજનો સુવિચાર**

મૂર્ખાઓ પાસેથી વખાણ સાંભળવા કરતા, બુદ્ધિશાળી વ્યક્તિનો ઠપકો સાંભળવો વધુ ફાયદાકારક છે!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૩૮ જૂનાગઢ તા.૨૪-૦૫-૨૦૨૪ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)


Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 138, Junagadh : Date : 24 May, 2024, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# ૪૬.૬ ડીગ્રી તાપમાન સાથે અમદાવાદ રાજયનું સૌથી હોટ સીટી : સુરતમાં ગરમીથી ૯નાં મોત

## ગરમીએ પાછલા તમામ રેકોર્ડ તોડયા : હજુ ત્રણ દિવસ ગરમી વધશે
## અમદાવાદ - ગાંધીનગરમાં રેડએલર્ટ : અન્ય જીલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ

અમદાવાદ તા. ૨૪

અમદાવાદ રાજયનું સૌથી ગરમ શહેર બન્યું તાપમાન દરરોજ નવા રેકોર્ડ તોડી રહ્યું છે. ત્યારે ગુરૂવારે ૪૬.૬ ડિગ્રી સાથે અમદાવાદ રાજયનું સૌથી ગરમ શહેર બન્યું છે. જયારે સુરત શહેરમાં ગરમી અને લૂ લાગવાને કારણે ૯ લોકોનાં મોત થયા હોવાનું અધિકૃત સુત્રોએ જણાવેલ છે. ઉપરાંત રાજ્યના ૧૦ શહેરોમાં હીટવેવની અસર જોવા મળી. આજે રાજ્યના ૬ શહેરોનું મહત્તમ તાપમાન ૪૫ ડિગ્રી કરતા વધુ રહ્યું હતું. જેમાંથી અમદાવાદ અને ગાંધીનગરનું મહત્તમ તાપમાન ૪૬ ડિગ્રીને પાર કરી ગયું છે. અમદાવાદ માટે છેલ્લા ૧૨૭ વર્ષમાં મે મહિનાનું પાંચમું સૌથી વધુ મહત્તમ તાપમાન છે. આજે પણ હવામાન વિભાગે અમદાવાદ, ગાંધીનગરમાં રેડ એલર્ટ જાહેર કર્યું છે. એટલે કે, આજે પણ મહત્તમ તાપમાન ૪૬ ડિગ્રી કરતા વધુ રહી શકે છે. તો બીજી તરફ સુરેન્દ્રનગરમાં ૪૫.૯, કચ્છના કંડલામાં ૪૫.૫, ડીસામાં ૪૫.૪ અને વડોદરામાં ૪૫ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. હજુ પણ આગામી ત્રણ દિવસ ગુજરાત રાજ્ય મોટા ભાગના જિલ્લાઓમાં હવામાન વિભાગ દ્વારા ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.



હવામાન વિભાગ દ્વારા પણ સૌ કોઈને બને ત્યાં સુધી બપોરના સમયે બહાર નહી નીકળવા અપીલ કરાઈ છે. ગરમીને કારણે અનેક લોકો બીમારીમાં સપડાઈ રહ્યા છે. હવામાન વિભાગે ૨૫ મે સુધી ઓરેન્જ એલર્ટ જાહેર કર્યુ છે અને આગામી દિવસોમાં ઉષ્ણતામાનનો પારો હજુ વધે તેવી આગાહી છે.

## દેશભરમાં ૬.૮૦ લાખ મોબાઈલ કનેકશન શંકાસ્પદ પુર્નઃ ચકાસણીનો આદેશ

નવી દિલ્હી,તા.૨૪

બનાવટી નામો-દસ્તાવેજોના આધારે મોબાઈલ સીમકાર્ડ મેળવીને ગુનાહિત-દેશવિરોધી પ્રવૃતિમાં તેનો ઉપયોગ કરાયાના કિસ્સા બાદ સમગ્ર પ્રક્રિયા અતિ કડક બનાવાયા વચ્ચે હવે સરકારે ૬.૮૦ લાખ મોબાઈલ જોડાણની ફેરચકાસણી કરવાનો આદેશ આપ્યો છે. આ કનેકશન બનાવટી દસ્તાવેજોથી મેળવાયા હોવાની શંકા છે. ઓનલાઈન ફ્રોડ રોકવાની ઝુંબેશના ભાગરૂપે આ પગલું ઉઠાવવામાં આવ્યું છે.

ટેલીકોમ વિભાગ દ્વારા એમ કહેવાયુ છે કે, ફેર ખરાઈની પ્રક્રિયા ૬૦ દિવસમાં પૂર્ણ કરવા કહેવાયુ છે. બોગસ દસ્તાવેજો કે છેતરપીંડીથી આ સિમકાર્ડ નંબર મેળવવામાં આવ્યા હોવાનુ માલુમ પડશે તેને તુરંત જ રદ કરી નાખવામાં આવશે. ૬.૮૦ લાખ મોબાઈલ કનેકશન શંકાસ્પદ છે અને બોગસ દસ્તાવેજો કે વાસ્તવિક ઓળખ છુપાવીને મેળવાયા હોવાની શંકા છે.

ટેલીકોમ મંત્રાલય દ્વારા તમામ મોબાઈલ કંપનીઓને તાત્કાલીક ધોરણે રી-વેરીફીકેશનની કામગીરી હાથ ધરવાની સુચના આપી છે. ૬૦ દિવસમાં મોબાઈલ નંબરગ્રાહકોની ઓળખ મેળવવા કહેવાયુ છે. ખરાઈ શકય નહી બનવાનાં સંજોગોમાં આ નંબરો-જોડાણ કાપી નાખવામાં આવશે.


## ૭ રાજયોમાં પાંચ દિવસ માટે હીટવેવનું રેડએલર્ટ : રાજસ્થાનમાં ૮નાં મોત

### જેસલમેર જીલ્લામાં ભારત - પાક. સરહદ પર ઉષ્ણતામાનનો પારો ૫૩ ડીગ્રીએ પહોંચ્યો હોવાના અહેવાલો

નવી દિલ્હી તા. ૨૪

ઉત્તર ભારતના મોટાભાગના રાજ્યોમાં કાળઝાળ ગરમી પડી રહી છે. હવામાન વિભાગે કહ્યું કે દિલ્હી, હરિયાણા, પંજાબ, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ગુજરાતમાં આગામી ૫ દિવસ સુધી આવી જ સ્થિતિ રહેશે. આ રાજ્યોમાં હીટ વેવનું રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. રાજસ્થાનમાં ગુરુવારે લુ અને ગરમીના કારણે ૮ લોકોના મોત થયા છે. બાડમેરમાં સતત બીજા દિવસે તાપમાન ૪૮ ડિગ્રીથી ઉપર રહ્યું હતું. અહીં તાપમાન ૪૮.૮ ડિગ્રીએ પહોંચી ગયું હતું. જેસલમેરને અડીને આવેલી ભારત-પાકિસ્તાન બોર્ડર પર તાપમાન ૫૩ ડિગ્રી સેલ્સિયસ પર પહોંચી ગયું હોવાનું આધરાભુત સુત્રોએ જણાવેલ છે.

## ચોમાસા પૂર્વેજ વાવાઝોડાની એન્ટ્રી : રવિવારે સાંજે રેમલ વાવાઝોડું પ.બંગાળ પર ત્રાટકવાની ચેતવણી




નવી દિલ્હી,તા.૨૪

ભારતમાં નૈઋત્ય ચોમાસાના સતાવાર આગમન પુર્વે સિઝનના પ્રથમ વાવાઝોડાના ત્રાટકવાનો ખતરો વધવા લાગ્યો છે. બંગાળની ખાડીમાં ઉદભવેલુ હળવુ દબાણ મજબૂત બનીને આવતીકાલે વાવાઝોડામાં પરિવર્તિત થશે અને રવિવારે પશ્ચિમ બંગાળ પર ત્રાટકવાની શકયતા છે. આ વાવાઝોડાને ‘રેમલ’ નામ આપવામાં આવ્યું છે.

ભારતીય હવામાન વિભાગે કહ્યું કે, બંગાળની ખાડીમાં ચોમાસા પુર્વેનું આ પ્રથમ વાવાઝોડુ છે. રવિવારે બાંગ્લાદેશ તથા સંલગ્ન પશ્ચિમ બંગાળના દરિયાકિનારાના ભાગોમાં ૧૦૨ કિલોમીટરની ઝડપે ત્રાટકે તેવી સંભાવના છે. વાવાઝોડાના પ્રભાવ હેઠળ ઓડીસા, મિઝોરમ, ત્રિપુરા તથા દક્ષિણ મણીપુરના સાગરકાંઠાના ભાગોમાં ભારે વરસાદ થવાની ચેતવણી આપવામાં આવી છે.

## આવતીકાલે લોકસભાની ૫૮ બેઠકો પર મતદાન



નવી દિલ્હી તા. ૨૪

લોકસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કામાં આવતીકાલે ૭ રાજ્યો અને ૧ કેન્દ્રશાસિત પ્રદેશની ૫૮ બેઠકો પર મતદાન થશે.

જમ્મુ-કાશ્મીરની અનંતનાગ-રાજૌરી સીટ પર ત્રીજા તબક્કામાં ચૂંટણી યોજાવાની હતી, પરંતુ તે મોકૂફ રાખવામાં આવી હતી. હવે અહીં છઠ્ઠા તબક્કામાં મતદાન થઈ રહ્યું છે. આ તબક્કામાં ૩ કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન, કૃષ્ણ પાલ સિંહ ગુર્જર અને રાવ ઈન્દ્રજીત સિંહ મેદાનમાં છે. ત્રણ પૂર્વ મુખ્યમંત્રીઓ મહેબૂબા મુફ્તી, મનોહર લાલ ખટ્ટર અને જગદંબિકા પાલ પણ ચૂંટણી લડી રહ્યા છે. આ સિવાય મનોજ તિવારી, મેનકા ગાંધી, નવીન જિંદાલ, બંસુરી સ્વરાજ, સંબિત પાત્રા, રાજ બબ્બર પણ ચૂંટણી મેદાનમાં નસીબ અજમાવી રહ્યા છે.


ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર છઠ્ઠા તબક્કાની ચૂંટણીમાં ૮૮૯ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે. જેમાં ૭૯૭ પુરૂષ અને ૯૨ મહિલા ઉમેદવારો છે. આ તબક્કામાં સૌથી અમીર ઉમેદવાર હરિયાણાની કુરુક્ષેત્ર બેઠક પરથી ભાજપના ઉમેદવાર નવીન જિંદાલ છે. તેમની પાસે ૧૨૪૧ કરોડ રૂપિયાની સંપત્તિ છે. ૫૪૩ લોકસભા બેઠકોના પાંચમા તબક્કા સુધી ૪૨૯ બેઠકો પર મતદાન થયું છે. ૨૫ મે સુધીમાં કુલ ૪૮૭ બેઠકો પર મતદાન પૂર્ણ થશે. છેલ્લા અને સાતમા તબક્કામાં ૫૬ બેઠકો પર મતદાન થશે. ઉત્તર પ્રદેશની ૧૪ બેઠકો, હરિયાણા ની ૧૦ બેઠકો, બિહારનો ૮ બેઠકો, બંગાળની ૮, દિલ્હીની ૭, ઓડિશામાં ૬, ઝારખંડની ૪, અને કાશ્મીરમાં એક - અનંતનાગ બેઠક પર મતદાન થશે.

## સાયબર ક્રાઈમ : રોજની ૭ હજાર ફરીયાદો ૪ મહિનામાં ભારતીયોએ રૂા. ૭ હજાર કરોડ ગુમાવ્યા

### થાઈલેન્ડ, મ્યાનમાર, લોઓસથી ભારતીય નાગરીકો સાથે ઓનલાઈન વ્યાપક છેતરપીંડી

નવી દિલ્હી તા. ૨૪

:૨૦૨૪ના પ્રથમ ચાર મહિનામાં જ ભારતીયોએ વિવિધ સાયબર ક્રાઈમમાં ૭,૦૬૧.૫૧ કરોડ રૂપિયા ગુમાવ્યા છે. ભારતીય સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટરએ રોજની સરેરાશ ૭,૦૦૦ ફરિયાદો સાથે ઓનલાઈન છેતરપિંડીની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો નોંધ્યો છે. જાન્યુઆરી અને એપ્રિલ ૨૦૨૪ ની વચ્ચે, ૧૪,૨૦૪.૮૩ કરોડ રૂપિયાના આશ્ચર્યજનક ૨૦,૦૪૩ ઓનલાઈન ટ્રેડિંગ કૌભાંડો અને કુલ રૂ. ૨,૨૨૫.૮૨ કરોડના ૬૨,૬૮૭ રોકાણ કૌભાંડો નોંધાયા હતા. સાયબર અપરાધીઓ પીડિતોને લલચાવવા માટે વિવિધ યુકતિઓનો ઉપયોગ કરે છે, જેમ કે કોલ સ્પૂફિંગ, સરકારી અધિકારીઓ તરીકે ઉભો કરવો અને ઓનલાઈન કાર્યો દ્વારા આકર્ષક નોકરીની તકો અથવા સરળ નાણાં ઓફર કરે છે. તેઓ અવારનવાર દક્ષિણપૂર્વ એશિયાના દેશોમાં નકલી નોકરીની



ઓફરો સાથે ભારતીયોની ભરતી કરે છે અને તેમને સાયબર કૌભાંડોમાં ભાગ લેવા દબાણ કરે છે, તેમ અહેવાલમાં ઉમેર્યુ હતું.

## બોગસ ઈ-વે બીલ કૌભાંડ : મોરબીનાં સિરામીક એકમો પર સર્ચ ઓપરેશન

મોરબી તા.૨૪

રાજકોટ ડીજી જીઆઈના રીજિયોનલ યુનિટ દ્વારા થોડા સમય પહેલા રૂા.એક હજાર કરોડના બોગસ ઈ-વે બિલ કૌભાંડ ઝડપી લેવામાં આવ્યા બાદ તપાસનો દોર થંભાવી દેવાયો હતો. હવે મતદાન પૂર્ણ થતાં બોગસ ઈ-વે બિલ કૌભાંડના સંદર્ભમાં રાજકોટ અને અમદાવાદના ૫૦ જેટલા અધિકારીઓના કાફલાએ મોરબીના ૬ સીરામીક યુનિટો પર સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હતું. જેના પગલે સિરામીક ઉદ્યોગકારોમાં ખળભળાટ મચી ગયો છે. આ કૌભાંડના મુળીયા સુધી ડીજીજીઆઈની ટીમ દ્વારા પહોંચવા માટે ગુપ્તાથી ડેટા એકત્ર કરવામાં આવી રહ્યા હતા. સાથોસાથ બાતમીદારોના નેટવર્કને સતેજ કરવામાં આવ્યું હતું. રાજકોટ અને અમદાવાદ ડીજીજીઆઈની ટીમે હાથ ધરેલા સર્ચ ઓપરેશન દરમિયાન કુલ ૬ વીટ્રીફાઈડ યુનિટો પર સર્ચ ઓપરેશન હાથ ધરાયું છે. તેમાં લેમોરેક્ષ ગ્રેનિટો, લુફટોન ટાઈલ્સ, લોવેલ સિરામીક, લીયોના સિરામીક, કિવટા સિરામીક અને મોન્ઝો સિરામીકનો સમાવેશ થાય છે.

## બિનજરૂરી ફોન - મેસેજ કરનારા નંબર મોસ્ટ વોન્ટેડ લીસ્ટમાં શામેલ કરાશે

નવી દિલ્હી તા. ૨૪ : મોબાઈલ ફોન પર કરવામાં આવતા બિનજરૂરી ફોનને મોસ્ટ વોન્ટેડ લિસ્ટમાં સામેલ કરવા માટે કેન્દ્ર સરકાર નવો નિયમ લાવી રહી છે. દેશમાં મોબાઈલ ફોનથી છેતરપિંડીના કેસ વધી રહ્યા છે અને લોકો બનાવટી ફોન અને મેસેજથી પરેશાન છે એટલે આ સમસ્યાનો ઉકેલ લાવવા સરકારે કમર કસી છે. મોબાઈલ-ગ્રાહકોની સુરક્ષા માટે સરકાર જે નવો નિયમ લાવી રહી છે એમાં બિનજરૂરી કોલ, પ્રમોશનલ કોલ અને મેસેજને અનફેર ટ્રેડ પ્રેક્ટીસિસમાં સામેલ કરવાની વિચારણા છે. તેનું કારણ એ છે કે મોબાઈલ ફોનથી લોકોને છેતરવામાં આ પ્રકારના કોલ અને મેસેજની મહત્ત્વની ભૂમિકા રહે છે. આ નિયમો અમલમાં આવશે ત્યારબાદ આ પ્રકારે કોલ કરનારા કે મેસેજ મોકલનારા લોકોને ગ્રાહકોની સુરક્ષાના કાયદા હેઠળ જવાબદાર ગણવામાં આવશે.

## વૈષ્ણોદેવી જઈ રહેલા શ્રધ્ધાળુઓની બસની ટ્રક સાથે ભયાનક ટકકર : ૭ નાં મોત

અંબાલા તા ૨૪

ઉત્તર પ્રદેશના બુલંદશહેરથી વૈષ્ણોદેવીના દર્શન માટે જઈ રહેલા પરિવારને લઈને જતી ટ્રાવેલર ટ્રોલી અથડાઈ હતી. આ દુર્ઘટના અંબાલા-દિલ્હી હાઈવે પર મોહરા પાસે ગતરાત્રે લગભગ ૨ વાગ્યે થઈ હતી. ટ્રાવેલરમાં કુલ ૨૬ લોકો સવાર હતા. તેમાંથી ૬ મહિનાની બાળકી સહિત ૭ના મોત થયા છે અને ૨૦ લોકો ઘાયલ થયા છે. અકસ્માત એટલો ભાયનક હતો કે ટ્રાવેલરનો એક ભાગ સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગયો હતો અને ઘાયલો હાઈવે પર જયાં ત્યાં ફંગોળાયા હતા. આ અકસ્માતમાં ૭ શ્રદ્ધાળુઓના મોત થયા હતા. જયારે ૨૦ ઘાયલ થયા હતા. ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. મૃતકોમાં એક કપલનો પણ સમાવેશ થાય છે. મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોર્ચરીમાં રાખવામાં આવ્યા હતા. મોહરા પોલીસે આ કેસની તપાસ શરૂ કરી છે. સ્થળ પર ઈજાગ્રસ્ત વ્યકિતએ માહિતી આપતાં જણાવ્યું કે તે ૨૩મી મેની સાંજે વૈષ્ણોદેવી જવા નીકળ્યો હતો અને બધા એક જ પરિવારના હતા. મોહડા પાસે પહોંચતા જ અચાનક ટ્રોલીની સામે એક વાહન આવ્યું. જેવી ટ્રોલીએ બ્રેક લગાવી કે તુરત જ સામેનું વાહન બેકાબૂ બનીને અથડાઈ ગયું હતું.

## ન્યુયોર્ક વિશ્વનું સૌથી શ્રેષ્ઠ શહેર : દિલ્હીનો ૩૫૦મો નંબર

ન્યુયોર્ક,તા. ૨૪: ઓકસફર્ડ ઈકોનોમિકસે વિશ્વભરનાં ૧૦૦૦ શહેરોનું મૂલ્યાંકન કરીને ૨૦૨૪ માટે ગ્લોબલ સિટીઝ ઈન્ડેક્સ બહાર પાડ્યો છે. ગ્લોબલ સિટીઝ ઈન્ડેક્સમાં જુદી-જુદી કેટેગરીમાં ટોચનાં ૧૦ શહેરો જાહેર કરવામાં આવ્યાં છે. વિશ્વનાં શ્રેષ્ઠ ૧૦ શહેરની કેટેગરીમાં ૧૦૦ ટકા સ્કોર સાથે અમેરિકાનું ન્યુ યોર્ક પહેલા ક્રમે આવે છે. ત્યાર બાદ બીજા ક્રમે લંડન અને બાકીનાં શહેરોમાં સેન ઓઝે, ટોક્યો, પેરિસ, સીએટલ, લોસ એન્જલસ, સેન ફ્રાન્સિસ્કો, મેલબર્ન અને ઝ્યુરિકનો સમાવેશ થાય છે.

ભારતમાંથી દિલ્હી (૩૫૦), બેંગ્લોર (૪૧૧), મુંબઈ (૪૨૭) અને ચેન્નઈ (૪૭૨)ને ટોચનાં ૫૦૦ શહેરોમાં સ્થાન મળ્યું છે. ગ્લોબલ સિટીઝ ઈન્ડેક્સમાં કોઈ શહેરનું વૈશ્વિક અર્થતંત્રમાં યોગદાન, શિક્ષણ અને બિઝનેસની સ્થિતિ, ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણ, પર્યાવરણ અને ગુડ ગવર્નન્સ જેવી બાબતોને ધ્યાનમાં લેવામાં આવે છે.


**દાણાપીઠમાં ભાડે/ વેચવાનું છે**

જૂનાગઢમાં દાણાપીઠ વિસ્તારમાં વાદી ખડકીમાં, ત્રણ માળનું,૭ રૂમવાળુ મકાન તેમજ હોલસેલનાં વેપારીઓને ગોડાઉન માટે લાયક, સારી કન્ડીશનમાં વહેલા તે પહેલાનાં ધોરણે વ્યાજબી ભાવમાં મકાન વેચવાનું છે.

: સંપર્ક :
૯૩૭૬૬ ૦૫૫૬૨ / ૭૯૮૪૮ ૦૫૭૯૧

**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી**

**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે**

ફાયદા :

(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..

(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.

(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..

(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..

નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી.
આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે

:: ફોન કરવા માટેનો સમય ::
સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ

૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-
૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)
આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે

**આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી**

**સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨**
**જૂનાગઢ**

હાર્દિક શુભેચ્છા....

**કલ્યાણ**
**સુખડીયા આર. કે. મીઠાઈવાલા**
મીઠાઈ તથા ફરસાણનાં પ્રખ્યાત વેપારી

| | |
|---|---|
| **કલ્યાણ સ્વીટ માર્ટ** | **કલ્યાણ સ્વીટ માર્ટ** |
| સંઘાડીયા બજાર, જૂનાગઢ | કોલેજ રોડ, જૂનાગઢ |
| મો. ૯૪૨૬૭ ૮૧૬૧૫ | ફોન : ૨૬૨૭૬૫૭ |

**કલ્યાણ સ્વીટ માર્ટ**
ગીરીરાજ મેઈન રોડ, જૂનાગઢ. ફોન : ૨૬૩૬૦૯૫

**જૂનાગઢમાં વેચવાનું છે**


(૧) ડો. જસાણીનું દવાખાનું (પોસ્ટ ઓફીસ રોડ, આઝાદ ચોક) વેચવાનું છે
(૨) ગાંધીગ્રામ (કોન્વેન્ટ સ્કુલની સામે) ૫૦૦ વારનો બંગલો વેચવાનો છે. સાથે ૧૦ દુકાન ભાડે અથવા વેચવાની છે. (બેંકોવાળા માટે ખાસ)
(૩) એસેન્ટ કાર ૩૮૦૦૦ કી.મી. વેચવાની છે.
(૪) લોખંડનાં ઘોડા નવા મોડેલનાં વેચવાના છે. (નંગ-૨૮)
(૫) જીમ માટેના સાધનની કીટ વેચવાની છે.

દુકાન, મકાન - જમીન લે-વેચ માટે મળો
**મો. ૮૧૫૬૦ ૧૯૯૯૯**

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો





તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
**દરેક જગ્યાએ ઉપલબ્ધ**

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
**અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...**

Since 1983
**શંખ મસાલા**
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩

• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો



# તાલાલા અને મેંદરડા ખાતેથી ગેરકાયદેસર સરકારી અનાજનો જથ્થો ઝડપી પાડતું જિલ્લા વહીવટી તંત્ર







## રૂ.૨૦ લાખથી વધુના ૬૫૬ ગેરકાયદેસર સરકારી અનાજના કટ્ટા ઝડપાયાં

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૪

ગીર સોમનાથ જિલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાના માર્ગદર્શનમાં જિલ્લા પુરવઠા અધિકારી અને તાલાલા મામલતદારની ટીમ દ્વારા તાલાલા-સાસણ રોડ ઉપર આવેલી ગીર સોમનાથ હોટલ ખાતેથી અને ત્યારબાદ તેના આધારે જૂનાગઢ જિલ્લાના મેંદરડા ખાતેથી રૂ.૨૦.૩૬ લાખની કિંમતના ઘઉં, ચોખા અને ચણાના ૬૫૬ કટ્ટા સહિતનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો છે. આની વિગત જોઈએ તો, ગીર સોમનાથ હોટલ ખાતેથી જિલ્લાની ટીમની તપાસમાં ત્રણ છોટા હાથી અને એક રિક્ષામાંથી રૂ.૬,૦૯,૩૧૦ની કિંમતના ૧૯ કટ્ટા ઘઉં, ૫૫ કટ્ટા ચોખા અને ૨ કટ્ટા ચણાના ઝડપી પાડી આ મુદ્દામાલ સીઝ કરવામાં આવ્યો હતો. આ મુદ્દામાલ જૂનાગઢ તાલુકાના મેંદરડા તાલુકાના એસ.કે. નામથી ઓળખાતા પ્રતિકભાઈ હિરપરા, દીપકભાઈ સોલંકી તેમજ ઝાકીરભાઈનો હોવાનું પકડેલ સાધનોના ચાલકોએ જણાવ્યું હતું. જેના આધારે ગીર સોમનાથ જિલ્લાની ટીમ દ્વારા મેંદરડા મામલતદારની ટીમને સાથે રાખી પ્રતિકભાઈ હિરપરાની દુકાન ખાતેથી ૨૫૩ કટ્ટા ઘઉં, ૬૦ કટ્ટા ચોખા અને ૨ કટ્ટા ચણા સહિતનો રૂ.૩,૪૪,૪૩૪ની કિંમતનો મુદ્દામાલ પણ ઝડપી પાડવામાં આવ્યો હતો. તે સાથે દીપકભાઈની દુકાન નંબર-૨ ઉપરથી સ્વરાજ મઝદા સાથે ૫૨ કટ્ટા ઘઉં, ૬૪ કટ્ટા ચોખા, ૨ કટ્ટા ચણાદાળ ઝડપી પાડવામાં આવી હતી. જેની કિંમત રૂ.૭,૯૭,૫૬૦ થાય છે. આ ઉપરાંત, મેંદરડા ખાતે સામા કાંઠા વિસ્તારમાં આવેલ ઝાકીરભાઈ પરમારના ગોડાઉનમાં તપાસ કરતા ૫૫ કટ્ટા ઘઉં, ૧૫૦ કટ્ટા ચોખા અને ૨ કટ્ટા ચણા સહિતનો રૂ.૨,૮૪,૭૦૦નો મુદ્દામાલ સીઝ કરવામાં આવ્યો છે અને આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### સલમાન ખાને બોમ્બે હાઈકોર્ટમાં અરજી કરી

# આરોપીના મૃત્યુના કેસમાંથી તેનું નામ હટાવવાની કરી વિનંતી



## વિક્કી ગુપ્તા અને સાગર પાલ નામના બંને શૂટરોની બાદમાં ગુજરાતમાંથી ધરપકડ કરવામાં આવી હતી


મુંબઈ, તા.૨૪

સલમાન ખાન હાઉસ ફાયરિંગ કેસમાં નવું અપડેટ સામે આવ્યું છે. અભિનેતાએ આરોપી અનુજ થાપનના મૃત્યુના કેસમાંથી પોતાનું નામ હટાવવાની માંગ કરી છે. બુધવારે, સલમાને બોમ્બે હાઈકોર્ટમાં અરજી દાખલ કરીને માંગ કરી છે કે તેના ઘર પર ફાયરિંગ સંબંધિત કેસમાં પોલીસ કસ્ટડીમાં આત્મહત્યા કરનાર આરોપી અનુજ થાપનની માતાની અરજીમાંથી તેનું નામ હટાવવામાં આવે. સલમાન ખાનના વકીલ આબાદ પોંડાએ અરજીમાં પ્રતિવાદી તરીકે અભિનેતાનું નામ કાઢી નાખવાની વિનંતી કરી હતી અને દાવો કર્યો હતો કે અરજદારે અભિનેતા સામે કોઈ આક્ષેપો કર્યા નથી. આરોપીના પરિવારે હાઈકોર્ટમાં અરજી કરી હતી કે તેનું મૃત્યુ આત્મહત્યા નથી. હવે નવા અપડેટ મુજબ, સલમાન ખાનના વકીલ આબાદ પોંડાએ દાવો કર્યો છે કે અરજદારે અભિનેતા પર કોઈ આરોપો કર્યા નથી. તેણે દાવો કર્યો હતો કે અરજદારે અભિનેતા વિરુદ્ધ કોઈ દલીલ કરી નથી. એડવોકેટ પોંડાએ કહ્યું, 'ખરેખર અભિનેતા ખૂબ જ પરેશાન છેપ તેમના અને તેમના ઘર પર હુમલો કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. તેઓ જાણતા નથી કે આ હુમલા પાછળ કોણ છે અને કોની ધરપકડ કરવામાં આવી છેપ તેમને પ્રતિવાદી તરીકે નામ આપવાથી ખોટો સંદેશો જાય છે અને તેમની છબીને નુકસાન થાય છે. તમને જણાવી દઈએ કે હાઈકોર્ટ ૧ મેના રોજ પોલીસ કમિશનર ઓફિસના કેદી સેલ ટોયલેટમાં આત્મહત્યા કરનાર આરોપી અનુજ થપનની માતા રીટા દેવીની અરજી પર સુનાવણી કરી રહી હતી.

પોલીસનો દાવો છે કે થપનનું મૃત્યુ આત્મહત્યાથી થયું હતું જ્યારે અનુજની માતાએ અરજીમાં અનિયમિતતાનો આક્ષેપ કર્યો હતો અને દાવો કર્યો હતો કે તેની હત્યા કરવામાં આવી હતી. દરમિયાન, જસ્ટિસ એનઆર બોરકર અને સોમશેખર સુંદરેસનની બેન્ચે થાપનના અધૂરા પોસ્ટમોર્ટમ રિપોર્ટ પર નારાજગી વ્યક્ત કરી હતી અને પ્રોસિક્યુશન પર સવાલ ઉઠાવ્યા હતા. કોર્ટે કહ્યું કે રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે આરોપીનું મોત ગૂંગળામણને કારણે થયું છે. જો કે, પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં તેની ગરદન પર મળેલા અસ્થિબંધનનું ચિત્ર અને શરીર પર અન્ય કોઈ ઈજાના નિશાન જેવી મહત્વની વિગતોનો સમાવેશ કરવામાં આવ્યો નથી. તમને જણાવી દઈએ કે ૧૪ એપ્રિલે અભિનેતા સલમાન ખાનના ઘરની બહાર ફાયરિંગ કરવામાં આવ્યું હતું. વિક્કી ગુપ્તા અને સાગર પાલ નામના બંને શૂટરોને બાદમાં ગુજરાતમાંથી ધરપકડ કરવામાં આવી હતી. આ સંબંધમાં થાપનની સાથે અન્ય એક વ્યક્તિની પંજાબથી ૨૬ એપ્રિલે ધરપકડ કરવામાં આવી હતી. બાદમાં થાપનનું કસ્ટડીમાં મૃત્યુ થયું હતું.

### અમિતાભ બચ્ચનનો ડુપ્લિકેટ બનીને મળી ખ્યાતિ

# 'ભાભી જી ઘર પર હૈ'ના એક્ટર ફિરોઝ ખાનનું હાર્ટ એટેકથી અવસાન




## ફિરોઝ ખાન ઉત્તર પ્રદેશના બદાઉનમાં છેલ્લા કેટલાક સમયથી હતો, કેટલાક સમયથી ફિરોઝ બદાઉનના કબુલપુરામાં તેના ઘરે રહેતો હતો

મુંબઈ, તા.૨૪

ટીવી ઈન્ડસ્ટ્રીમાંથી હૃદયદ્રાવક સમાચાર સામે આવ્યા છે. કહેવામાં આવી રહ્યું છે કે એક્ટર અને મિમિક્રી આર્ટિસ્ટ ફિરોઝ ખાનનું નિધન થઈ ગયું છે. મળતી માહિતી મુજબ ફિરોઝનું મોત હાર્ટ એટેકના કારણે થયું હતું. તેણે પ્રખ્યાત કોમેડી શો 'ભાભી જી ઘર પર હૈ' અને 'શક્તિમાન'માં કામ કર્યું હતું. ફિરોઝ ખાનને અમિતાભ બચ્ચનના ડુપ્લિકેટ તરીકે પણ ઓળખવામાં આવતા હતા.રિપોર્ટ્સ અનુસાર ફિરોઝ ખાન ઉત્તર પ્રદેશના બદાઉનમાં છેલ્લા કેટલાક સમયથી હતો. કેટલાક સમયથી ફિરોઝ બદાઉનના કબુલપુરામાં તેના ઘરે રહેતો હતો. ૨૩ મેની સવારે બદાઉનમાં તેમણે અંતિમ શ્વાસ લીધા. ફિરોઝ ખાને ૪ મેના રોજ મતદાર મહોત્સવમાં તેમનું છેલ્લું પ્રદર્શન આપ્યું હતું. અભિનેતાના અંતિમ સંસ્કાર બદાઉનમાં કરવામાં આવશે.ફિરોઝ ખાન ટીવી ઈન્ડસ્ટ્રીના જાણીતા કલાકારોમાંથી એક હતા. તેણે ઘણા કોમેડી શોમાં કામ કર્યું. આમાંથી એક હતી 'ભાભી જી ઘર પર હૈ'. તે 'હપ્પુ કી ઉલતાન પલટન', 'સાહિબ બીવી ઔર બોસ', 'શક્તિમાન' અને 'જીજા જી છટ પર હૈ' જેવી સીરિયલ્સમાં પણ જોવા મળી હતી. આટલું જ નહીં, ફિરોઝ ખાન ગાયક અદનાન સામીના લોકપ્રિય ગીત 'થોડી સી તુ લિફ્ટ કારા દે'માં પણ જોવા મળ્યો હતો.ફિરોઝ ખાને ટીવી શો અને મ્યુઝિક વીડિયોમાં કામ કરતાં તેની મિમિક્રીને કારણે વધુ ખ્યાતિ મેળવી હતી. તે અમિતાભ બચ્ચનની નકલ કરતો હતો.

આનાથી તેમની એક અલગ ઓળખ ઊભી થઈ. ફિરોઝને અમિતાભનો ડુપ્લિકેટ કહેવામાં આવી રહ્યો હતો. તેણે બિગ બીની નકલ કરતા ઘણા વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યા છે. ફિરોઝ અમિતાભની ફિલ્મના દ્રશ્યો અને પાત્રોને રિક્રિએટ કરતો હતો. તેણે બિગ બીના ડુપ્લિકેટ તરીકે લાઈવ પરફોર્મન્સ પણ કર્યુ છે.માત્ર અમિતાભ જ નહીં, તેઓ ફિરોઝ ખાન, દિલીપ કુમાર, શાહરૂખ ખાન, ધર્મેન્દ્ર અને સની દેઓલની પણ નકલ કરતા હતા. ફિરોઝ ખાનના આકસ્મિક નિધનથી ટીવી ઈન્ડસ્ટ્રીમાં શોકનું મોજુ ફરી વળ્યું છે. સોશિયલ મીડિયા પર ફેન્સ ફિરોઝને શ્રદ્ધાંજલિ આપી રહ્યા છે.

# કેશોદ શહેરમાંથી બાઈક ચોરાયું

(કમલેશ જોષી દ્વારા)

કેશોદ તા.૨૪

કેશોદ શહેરમાં ફરી બાઈક ચોર ટોળકી સક્રિય થઈ હોય તેમ વધુ એક બાઈકની ઉઠાંતરી થતા પોલીસ ફરિયાદ દાખલ થઈ છે.

આ અંગેની પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ, કેશોદમાં રહેતાં સિદ્ધરાજસિંહ રતનસિંહ રાયજાદાએ નોંધાવેલી ફરિયાદ મુજબ,સિદ્ધરાજસિંહે પોતાનું બાઈક કેશોદ-વેરાવળ રોડ પર ચામુંડા પાન પાસે પાર્ક કર્યું હતું જે બાઈક પરત લેવા જતા જોવા મળ્યું ન હતું અને ચોરી થયાનું બહાર આવતાં પોલીસ ફરિયાદ નોંધાવી હતી.પોલીસે ફરિયાદના આધારે બાઈક ચોરને ઝડપી લેવા આગળની ધોરણસરની તજવીજ હાથ ધરી હતી.

# જૂનાગઢના ગિરનારી ગ્રુપની અનેરી સેવા




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૪

જૂનાગઢના ગિરનારી ગ્રુપના સમીર દત્તાણી તથા સંજય બુહેચાની સંયુક્ત અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે, વર્તમાન સ્થિતિમાં ખૂબ જ ગરમીના કારણે પશુ, પંખીઓ સહિત લોકોને પારાવાહિક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. ત્યારે જૂનાગઢ શહેર તથા આજુબાજુના નજીકના ગ્રામ્ય વિસ્તારમાંથી લોકો જૂનાગઢની સ્મશાન ભૂમિમાં પોતાના સ્વજનોની અંતિમ વિધિ કરવા આવતા હોય છે. ત્યારે ગિરનાર દરવાજા પાસે આવેલ અંતિમ વિશામામાં ડાઘુઓને પ્રદક્ષિણા ફરવામાં આ કાળજાળ ગરમીનો સામનો કરવો પડતો જોવા મળતો હોય એવું જાણવા મળેલ હતું. જેને ધ્યાનમાં લઈને ગિરનારી ગ્રુપના સભ્યો દ્વારા સ્મશાનયાત્રામાં આવતા સ્વ.ના નજીકના સ્વજનો ઉઘાડા પગે પ્રદક્ષિણા ફરતા હોય છે. ત્યારે એવા ડાઘુઓને પ્રદક્ષિણા ફરવામાં રાહત મળે એ હેતુથી આ અંતિમ વિશામાને ફરતે ગ્રીનનેટ પાથરવામાં આવી હતી. આ સેવા કાર્યમાં ગિરનારી ગ્રુપના સભ્યઓ દિનેશભાઈ રામાણી, પરેશભાઈ સાવલિયા, સમીરભાઈ ઉનડકટ, બીપીનભાઈ ઠકરાર, અશોકભાઈ ચાંડેગરા સહિતના લોકોએ પોતાની સેવા આપેલ હતી તેમ યાદીના અંતે જણાવેલ હતું.

### યમુનોત્રીમાં પગપાળા ૧૨૭% અને કેદારનાથમાં ૧૫૬% વધ્યા

# ચાર ધામ યાત્રાના પ્રથમ ૧૦ દિવસમાં ૩.૧૯ લાખ ભક્તો કેદારનાથ પહોંચ્યા

## ઉત્તરાખંડના મુખ્ય સચિવ રાધા રાતુરીએ ગુરુવારે વર્ચ્યુઅલ મીટિંગ દરમ્યાન કેન્દ્રીય ગૃહ સચિવ અજયકુમાર ભલ્લાને ચાર ધામ યાત્રા વિશે માહિતી આપી હતી



ઉત્તરાખંડ, તા.૨૪

ઉત્તરાખંડમાં ચાર ધામના દર્શન કરવા જનારા ભક્તોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. ૧૦ મેથી શરૂ થયેલી ચાર ધામ યાત્રાના પ્રથમ ૧૦ દિવસમાં ૩ લાખ ૧૯ હજાર શ્રદ્ધાળુઓ કેદારનાથ પહોંચ્યા છે. ઉત્તરાખંડના મુખ્ય સચિવ રાધા રાતુરીએ ગુરુવારે વર્ચ્યુઅલ મીટિંગ દરમિયાન કેન્દ્રીય ગૃહ સચિવ અજય કુમાર ભલ્લાને ચાર ધામ યાત્રા વિશે માહિતી આપી હતી. તેમણે કહ્યું કે ગયા વર્ષની સરખામણીમાં યમુનોત્રીમાં ૧૨૭%અને કેદારનાથમાં ૧૫૬% નો વધારો જોવા મળ્યો છે.મુખ્ય સચિવે કેન્દ્રીય ગૃહ સચિવ અજય ભલ્લાને જણાવ્યું હતું કે આ વર્ષે ૧૩૮,૫૩૭ શ્રદ્ધાળુઓએ યાત્રા સીઝનના પ્રથમ દસ દિવસમાં યમુનોત્રીની મુલાકાત લીધી હતી, જે છેલ્લા બે વર્ષ કરતાં ૧૨૭% વધુ છે. એ જ રીતે, ૧૨૮,૭૭૭ ભક્તોએ ગંગોત્રી ધામની મુલાકાત લીધી, જે છેલ્લા બે વર્ષ કરતાં ૮૯% વધુ છે. કેદારનાથ ધામને ૩૧૯,૧૯૩ ભક્તો મળ્યા, જે છેલ્લા બે વર્ષ કરતાં ૧૫૬% વધુ છે, અને બદ્રીનાથ ધામને ૧૩૯,૬૫૬ ભક્તો મળ્યા છે, જે છેલ્લા બે વર્ષ કરતાં ૨૭% વધુ છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે ૨૨ મે સુધી કુલ ૩,૧૧૮,૯૨૬ નોંધણીઓમાંથી, યમુનોત્રી માટે ૪૮૬,૨૮૫, ગંગોત્રી માટે ૫૫૪,૬૫૬, કેદારનાથ માટે ૧,૦૩૭,૭૦૦, બદ્રીનાથ માટે ૯૫૫,૮૫૮ અને સાહિબ માટે ૮૪,૪૨૭ ભક્તોએ નોંધણી કરાવી છે. ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન, દિલ્હી, બિહાર, હરિયાણા, પશ્ચિમ બંગાળ અને છત્તીસગઢ સૌથી વધુ ભક્તો ધરાવતા દસ રાજ્યો છે.બેઠક દરમિયાન, સીએસ રાતુરીએ એ પણ માહિતી આપી કે પોલીસે ૫૬ પ્રવાસન સહાયતા કેન્દ્રો સ્થાપ્યા છે. યાત્રા પર નજર રાખવા માટે ૮૫૦ સીસીટીવી કેમેરા અને ૮ ડ્રોન લગાવવામાં આવ્યા છે. તેમણે કેદારનાથ ધામ યાત્રા રૂટ પર ૧,૪૯૫ વાહનોની ક્ષમતા સાથે વીસ પાર્કિંગ જગ્યાઓ બનાવી છે. તેઓએ પાર્કિંગ વ્યવસ્થાપન માટે ઊઇ કોડ-આધારિત સિસ્ટમ રજૂ કરી અને યમુનોત્રી અને ગંગોત્રી યાત્રાના માર્ગો પર નિયંત્રિત વાહનોની અવરજવર માટે ૩-૪ હોલ્ડિંગ પોઈન્ટ બનાવવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે કેદારનાથ માર્ગ પર બહેતર ટ્રાફિક વ્યવસ્થાપન માટે સેક્ટર મેજિસ્ટ્રેટ તૈનાત કરવામાં આવ્યા છે અને ટ્રેકના માર્ગને સાફ કરવા માટે કુલ ૬૫૭ પર્યાવરણ મિત્ર તૈનાત કરવામાં આવ્યા છે.મુખ્ય સચિવના જણાવ્યા અનુસાર, આરોગ્ય વિભાગે યાત્રાના રૂટ પર ૧૨ મુખ્ય સ્થળોએ ૫૦ સ્ક્રીનિંગ કિઓસ્ક સ્થાપિત કર્યા છે. આ ઉપરાંત યાત્રાના રૂટ પર કુલ ૧૫૬ એમ્બ્યુલન્સ તૈનાત કરવામાં આવી છે. આ ઉપરાંત ૮ બ્લડ બેંક પણ બનાવવામાં આવી છે. આરોગ્ય વિભાગે ૪૯ કાયમી આરોગ્ય સુવિધાઓ અને ૨૬ તબીબી રાહત પોસ્ટ બનાવી છે. યાત્રાના રૂટ પર ૨૨ નિષ્ણાતો, ૧૭૯ મેડિકલ ઓફિસર અને ૨૯૯ પેરામેડિકલ સ્ટાફ તૈનાત કરવામાં આવ્યો છે.

### નોકરીના નામે છેતરપિંડી કરવામાં આવી હતી

# કંબોડિયાથી ભારત પરત ફરેલા ૬૦ ભારતીય નાગરિકોની પ્રથમ બેચ



## કંબોડિયામાં ભારતીય દૂતાવાસે તેને ૨૦ મેના રોજ જિનબેઈ-૪ નામના સ્થળે એક છેતરપિંડી કરનાર એમ્પ્લોયરથી બચાવ્યો

નવી દિલ્હી, તા.૨૪

૬૦ ભારતીય નાગરિકોની પ્રથમ બેચ કંબોડિયાથી સ્વદેશ પરત આવી છે. કંબોડિયામાં ભારતીય દૂતાવાસે તેને ૨૦ મેના રોજ જિનબેઈ-૪ નામના સ્થળે એક છેતરપિંડી કરનાર એમ્પ્લોયરથી બચાવ્યો હતો. નોકરી અપાવવાના નામે તેને વિદેશ લઈ જઈને તગડા પગારની લાલચ આપી હતી. દૂતાવાસે કહ્યું કે આ ઓપરેશન સિહાનૌકવિલેમાં સ્થાનિક અધિકારીઓના સમર્થનથી હાથ ધરવામાં આવ્યું હતું.ભારતીય દૂતાવાસે પણ તાજેતરમાં નોકરી માટે કંબોડિયા જતા લોકો માટે એડવાઈઝરી જારી કરી છે. એડવાઈઝરીમાં ચેતવણીની સાથે ભારતીયોને એ પણ સલાહ આપવામાં આવી છે કે તેઓ નોકરી મેળવવા માટે વિદેશ મંત્રાલય દ્વારા માન્ય એજન્ટોનો જ સંપર્ક કરે.''વિદેશમાં ભારતીયોને મદદ કરવા માટે હંમેશા પ્રતિબદ્ધ છે,'' ભારતીય દૂતાવાસે ૬૦ ભારતીયોને ભારત મોકલવાના સંદર્ભમાં જણાવ્યું હતું કે, કંબોડિયામાં ભારતીય દૂતાવાસ દ્વારા ૬૦ ભારતીય નાગરિકોની પ્રથમ બેચ સ્વદેશ પરત આવી ગઈ છે.

દૂતાવાસે આ માટે કંબોડિયન સત્તાવાળાઓનો પણ આભાર માન્યો હતો.દૂતાવાસે અગાઉ ભારતીય નાગરિકોના બચાવ અંગે એક પોસ્ટ પણ પોસ્ટ કરી હતી, જેમાં કહેવામાં આવ્યું હતું કે, "SHV (Sihanoukville) ઓથોરિટીની મદદથી ૬૦ ભારતીય નાગરિકોને બચાવી લેવામાં આવ્યા છે.'' દૂતાવાસના જણાવ્યા અનુસાર, તેને SHV દ્વારા ફ્નોમ પેન્હ (કંબોડિયાની રાજધાની) મોકલવામાં આવ્યો હતો અને તેના ઘરે વહેલા પરત આવવા માટે કામ ચાલી રહ્યું છે.કંબોડિયામાં દૂતાવાસે ૨૧ મેના રોજ એક પ્રેસ રિલીઝમાં જણાવ્યું હતું કે, "ફ્નોમ પેન્હમાં ભારતીય દૂતાવાસ ઘણા ભારતીય નાગરિકોના સંપર્કમાં છે જેમણે અમારો સંપર્ક કર્યો હતો અને જેઓને કંબોડિયન સત્તાવાળાઓ દ્વારા ૨૦ મેના રોજ જિનબેઈ-૪ નામના સ્થળેથી ધરપકડ કરવામાં આવી હતી. "તેને બહાર કાઢ્યો.''ભારતીય દૂતાવાસની અખબારી યાદી અનુસાર, ભારતીય નાગરિકોની મદદ માટે દૂતાવાસના અધિકારીઓની એક ટીમને સિહાનુકવિલે મોકલવામાં આવી હતી. કોઈપણ અન્ય ભારતીય નાગરિકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હોય તેમને પણ ઘરે પાછા ફરવા માટે દૂતાવાસનો સંપર્ક કરવાની સલાહ આપવામાં આવી હતી.

આ માટે સિહાનૌકવિલેમાં ૨૧-૨૩ મે એમ ત્રણ દિવસ માટે એક કંટ્રોલ રૂમ પણ બનાવવામાં આવ્યો હતો.એમ્બેસી કંબોડિયામાં નોકરી શોધનારાઓ માટે સતત સલાહ આપી રહી છે. ખાસ કરીને ટુરિસ્ટ વિઝા પર નોકરીની શોધમાં જવા માંગતા લોકોને ચેતવણી આપવામાં આવી છે. ઉદાહરણ તરીકે, ભારતીય દૂતાવાસે કહ્યું કે અત્યાર સુધીમાં ૩૬૦ ભારતીય નાગરિકોને બચાવીને ભારત પરત લાવવામાં આવ્યા છે.

ગિરનારની ગીરીકંદરાઓ દામોદરકુંડની સાક્ષીએ કરતાલના સંગીતથી ગુંજી ઉઠી,નરસિંહમહેતા રચિત પ્રભાતિયા અને ભજનની સુરાવલીઓ રાજમાર્ગો ઉપર રેલાઇ

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં સહયોગથી વહેલી સવારે દામોદર કુંડથી આરંભાયેલ પ્રભાતફેરીમાં પ્રભાતિયા અને નરસીંહ રચિત ભજનપ્રભાતનો કાર્યક્રમ યોજાયો

**રાસલીલાં અને કૃષ્ણમયી સંકીર્તન જ જેનો જીવનમંત્ર હતો એવા ગૃહસ્થ નરસિંહ મહેતાનો જન્મદિવસ સમરસ સમાજભાવ અને પ્રેમલક્ષણા ભક્તિથી ઉજવાય છે, નરસિંહ મહેતા આજે પણ ગવાય છે, પ્રભાતિયાનો સાદ આજેય ઝીલાય છે- પ્રો.(ડો) ચેતન ત્રિવેદી**






જૂનાગઢ, તા.૨૪

નરસિંહ મહેતા સમય દ્રષ્ટિએ નહિ, પરંતુ ગુણવત્તાની દ્રષ્ટિએ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના શ્રેષ્ઠ આદિ ભકતકવિ છે.. નરસિંહ મહેતાએ ઘર છોડી નિર્જન વનમાં કરેલ મહાદેવની આરાધનાથી પ્રસન્ન આશુતોષ તેમને કૃષ્ણની રાસલીલાના દર્શન કરાવે છે. રાસલીલાંનુ અને કૃષ્ણનું સંકીર્તન જ જેનો જીવનંમંત્ર હતો એવા ગૃહસ્થ નરસિંહનું યોગક્ષેમ કૃષ્ણમયી, ભજન કીર્તન કરનાર નરસિંહની ૬૧૬મી જન્મ તીથીની ઉજવણી આજેય જૂનાગઢ વાસીઓનાં હૈયામાં સરચવાયેલ કૃષ્ણભક્તિનો પ્રભાવ છે. તેમ કાર્યક્રમનાં અધ્યક્ષ કુલપતિ પ્રો.(ડો) ચેતનત્રિવેદીએ દિપપ્રાગટ્ય કરી ઉપસ્થિત પ્રબુધ્ધ નગરજનોને સંબોધતા જણાવ્યુ હતુ. રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિકાસ ગાંધીનગર કમિશનર શ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગાંધીનગર આયોજિત,જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીઅને શ્રી નરસિંહ મહેતા ચોરા ટ્રસ્ટના સહયોગથી નરસિંહ મહેતા રચિત પ્રભાતિયા ભજન ગાન કાર્યક્રમ યોજાયો હતો. ડો. ચેતન ત્રિવેદીએ ભક્તવિ નરસીંહમહેતા યુનિ. દ્વારા આદિકવિ નરસિંહમહેતાની સ્મૃતિઓનાં સંભારણા સચવાય અને લોકો નરસીંહ ને જાણે અને માટે તે દિશામાં હાથ ધરાઈ રહેલ કાર્યો પર વિસ્તૃત જાણકારી આપી હતી. ડો. ચેતન ત્રિવેદીએ ઉમેર્યુ હતુ કે નરસિંહ મહેતાના પ્રભાતિયા એટલે ભક્તિબોધ અને જ્ઞાનના પદો, તે સંખ્યાએ અલ્પ, પરંતુ લોકપ્રિયતા પામી લોકકંથમાં સ્થાન પામ્યા હતા. દેહની નશ્વરતા, મનુષ્ય અવતારની દુર્લભતા અને સંસારી સુખનું મિથ્યાત્વ દર્શાવતા અનેક પદો સંસારીઓ માટે પ્રેરણારૂપ બન્યાં છે. 'વૈષ્ણવજન તો તેને રે કહીએ' માં સંતના લક્ષણો અને સુખદુખ મનમાં ન આણીએ' તથા 'જે ગમે જગતગુરૂ દેવ જગદીશને' વગેરેમાં બોધવાણી છે.નરસિહ મહેતા આપણા ગુજરાતીમાં ઉત્તમ ભક્તિ કાવ્યો લખનાર અને ગાનાર અજોડ સંત કવિ છે ત્યારે જૂનાગઢનાં ભકતકવિ નરસિંહ મહેતાને ૬૧૬મી જન્મદિન પર્વે સૌ જૂનાગઢવાસી અને નરસિંહ સાહિત્યનાં કલામર્મીઓને હાર્દિક શુભકામનાં પાઠવી હતી.

કાર્યક્રમનાં પ્રારંભે યુવા વિકાસ અધિકારી નિતાબેન વાળએ ભકતકવિ નરસિંહ મહેતાનાં ૬૧૬માં જનમ્દિવસની ઊજવણી અને નરસિંહ જીવન કવનનો પરિચય રજુ કર્યો હતો. આ પળે ભાવનગરથી ઉપસ્થિત મનુભાઈ દિક્ષીતે ઔપચારિક વાત કરતા જણાવ્યુ હતુ કે નરસિંહને પધરચનાએ સાધેલુ વૈવિધ્ય અને આત્મચરિત્રાત્મક કાવ્યોમાં શામળદાસનો વિવાહ 'હાર' સમેના પદો ઉપરાંત હુંડી, મામેરુ અને શ્રાધ્ધના પ્રસંગોને લગતા પદો છે. ગોપોઓની વિરહવ્યાકુળતા અને તેમના ઉત્કટ કૃષ્ણાનુરાગનું ચિત્રાત્મક વર્ણન ખાસ નોંધપાત્ર છે તેમ જણાવ્યુ હતુ. આ પ્રસંગે યોગકોચ ચેતનાબેન ગજેરા, ગિરનાર પબ્લીક સ્કુલનાં કેમ્પસ ડાયરેકટર બાઘુભાઈ ડોબરીયા, નરસિંહ મહેતા ચોરા ટ્રસ્ટનાં ધવલભાઈ વસાવડા, પ્રતાપભાઈ થાનકી, શાળાનાં આચાર્ય અભિષેક કનોજીયા, ગ્રામવિકાસ એજન્સીનાં અર્જુન કારેથા,સહિત સાહિત્યમર્મીઓ ઉપસ્થિત રહ્યા હતા. કુલપતિ. ડો. ચેતનત્રિવેદીનાં હસ્તે લોકસભાની ચુંટણી દરમ્યાન મતદાર જાગૃતિ કાર્યમાં યોગદાન આપનાર વ્યક્તિઓને પ્રશસ્તી પત્ર એનાયત કરી સન્માનિત કરાયા હતા. કાર્યક્રમમાં નર્તન કલા કેન્દ્રની બહેનોએ નરસિંહ મહેતા મહેતા રચીત રચના પર ગરબા રાસ રજુ કર્યો હતો. સપ્તક સંગીત વિદ્યાલયનાં વિપુલત્રિવેદી, જૂનાગઢનાં જાણીતા લોકગાયક રાજુભાઈ ભટ્ટ, નિરૂબેન તથા કલાવૃંદે નરસીંહ મહેતા રચિત પ્રભાતિયા અને ભજનો રજુ કરી ઉપસ્થિતોને કલારસથી તરબોળ કર્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા યુવાવિકાસ કેન્દ્રનાં ઉપેન્દ્રસિંહ રાઠોડ, ભક્ત કવિ નરસીંહ મહેતા યુનિ.નાં સેવા કર્મીઓએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંચાલન હારૂનભાઈ વિહળે સંભાળ્યુ હતુ.

## છેલ્લા બે વર્ષથી કેશોદ પોલીસ સ્ટેશનના ગુન્હાના કામે નાસતા ફરતા આરોપીને પકડી પાડતી પેરોલ ફર્લો સ્કવોડ



જૂનાગઢ, તા.૨૪

જૂનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયાની સુચના તેમજ જુનાગઢ જીલ્લા પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાના સિધ્ધા માર્ગદર્શન હેઠળ જુનાગઢ જીલ્લા તેમજ બહારના જિલ્લાના તેમજ બહરાના રાજ્યના અલગ-અલગ પોલીસ સ્ટેશનના ગુન્હાના કામે નાસતા-ફરતા, પકડવાના બાકી આરોપીઓ શોધી કાઢી તેઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાની સુચના આપેલ હોય જે અન્વયે લોકલ ક્રાઈમ બ્રાચના પો.ઈન્સ જે.જે.પટેલ તથા પેરોલ ફર્લો સ્કવોડના પો.સબ. ઈન્સ. વાય.પી.હડિયાની સૂચના મુજબ પેરોલ ફર્લો સ્કવોડના માણસો હ્યુમન અને ટેકનીકલ સોર્સના માધ્યમથી સતત પ્રયત્નશીલ હોય. દરમ્યાન પેરોલ ફર્લો સ્કવોડ જુનાગઢની ટીમના એ.એસ.આઈ ઉમેશભાઈ વેગડા તથા પો.કોન્સ. દિનેશભાઈ છૈયા સયુક્ત બાતમી મળેલ કે જુનાગઢ જિલ્લાના કેશોદ પો સ્ટે ગુ.ર.ન. થ..૮૮૩/ ૨૦૨૨ પ્રોહી. કલમ ૬૫ એ એ, ૯૮(૨), ૮૧ મુજબના ગુન્હાના કામનો આરોપી સચીનભાઈ રાજુભાઈ થારાણી (ઉ.વ ૨૩) રે.નાલંદા સ્કુલ સામે વાળો છેલ્લા બે વર્ષથી નાસતો ફરતો હોય અને હાલ તેઓ અમદાવાદ શહેર કાકરીયા તળાવ ગેઈટ નં.૩ આસપાસ હોય તેવી હકિકત મળતા તાત્કાલીક પેરોલ ફર્લો સ્કવોડની ટીમ દ્વારા બાતમી વાળી જગ્યાએ જઈ ખાત્રી કરી આરોપીને ઉપરોક્ત બાતમી વાળી જગ્યાએથી શોધી કાઢી હસ્તગત કરી જુનાગઢ જીલ્લાના કેશોદ પોલીસને આગળની કાર્યવાહી અર્થે સોપવામાં આવેલ છે. આ કામગીરીમા લોકલ ક્રાઈમ બ્રાન્ચ, જૂનાગઢના પોલીસ ઈન્સપેકટર. જે.જે.પટેલ, પેરોલ ફલો સ્કોડના પો.સ.ઈ. વાય.પી.હડીયા તથા એ.એસ.આઈ. ઉમેશભાઈ વેગડા પો.કોન્સ. દિનેશભાઈ છૈયા તથા વુ.પો.કોન્સ, સેજલબેન આલાભાઈ વગેરેએ સાથે મળી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

## ઉના તાલુકાનાં ભડીયાદર ગામનો યુવાન લુંટેરી દુલ્હનનો ભોગ બન્યો : પોલીસમાં ફરીયાદ કરી


(પ્રતિનિધિ દ્વારા)




ઉના, તા.૨૪

ઊના તાલુકાના ભડિયાદર ગામે રહેતા કાનજીભાઈ પુનાભાઈ માળવીએ ઊના પોલીસ સ્ટેશનમાં લેખિતમાં અરજી આપેલ છે કે તેમના ભાઈ રામભાઈ પુનાભાઈ માળવીના લગ્ન થતા ન હોય યુવતીની તપાસ કરવા તેની બહેન નાથીબેન પુનાભાઈએ ભડિયાદર ગામમાં રહેતો રમેશભાઈ ટાંકને વાત કરતા તેમણે કહ્યું હતું કે સુરતમાં દલાલ છે તેનો મને પરિચય છે. રૂપિયા લઈ લગ્ન કરાવી આપે છે. યુવતીને સોના ચાંદીના દાગીના આપવા પડશે. રમેશ ટાંકે સુરતમાં રહેતા દલાલ વેદુભાઈ, જીતુભાઈ સાથે સંપર્ક કરાવી આપેલ અને કાનજીભાઈ તેની બહેન નાંથીબેન તેમના ભાઈ રામભાઈને લઈ સુરત ગયેલા જ્યાં દલાલને મળી મહારાષ્ટ્ર થાણાના જગન્નાથ ચાલીમાં રહેતી સીમા નિલેશ ગાયકવાડ નામની યુવતી સાથે મુલાકાત કરાવી લગ્નનું નક્કી કરી રૂપિયા ૧ લાખ ૭૫ હજાર રોકડા આપી યુવતીને સોનાનો ચેન , સોનાની વિટી, સોનાનો નાકનો દાણો, ચાંદીના ઝાંઝર, દાગીના યુવતીને ચડાવેલ હતા. વકીલ પાસે લખાણ કરાવી એક બીજાને ફૂલ હાર પહેરાવી લગ્ન કરેલ હતા. ખુશી ખુશી વતન ભડિયાદર ગામે આવેલ યુવતી સાસરે આવી ત્યારથી ટેલીફોનીક સુરત સંપર્કમાં હતી. ગત તા.૧૮/ ૫એ તેમને દાતનો દુ:ખાવો થાય છે તેથી ડોકટરને બતાવવા ઊના દાંતના દવા ખાને આવેલ કેસ કઢાવી રાહ જોતા હતા ત્યારે તેની સાથે આવેલ બેનાબેનને બાથરૂમ જાઉં છું કહી બાથરૂમ કરવા બહાર નીકળી ગયેલ અને પરત ના આવતા. તુરંત શોધ ખોળ કરવા છતાં ના મળતા ફોન કરતાં ફોન ઉપાડેલ નહિ અને તુરંત દલાલ રમેશ ટાંકને ફોન કરતાં તેણે કહેલ કે અમે લગ્ન રૂપિયા પાંચ લાખમાં કરાવીએ છે. તને સસ્તામાં લગ્ન કરાવેલ છે. યુવતી ચારથી પાંચ દિવસમાં આવી જશે. હવે તમારે ફોન કરવો નહિ.પરંતુ યુવતી સીમા પરત ના આવતા છેતરાઈ ગયાની જાણ થતા આ લુટેરી દુલ્હન જ્યારે ભાગી ગઈ હતી ત્યારે તેમને સોનાના દાગીના ૪૫ ગ્રામના અને ચાંદીના ઝાંઝર પણ સાથે લઈ ગઈ હતી. આમ ઊના તાલુકાના ભડિયાદર ગામનો યુવાન લુટેરી દુલ્હનનો ભોગ બની જતા પરિવાર ઉપર દુ:ખનો પહાડ તૂટી ગયો છે. પોતાની મરણ મૂડી પણ સાફ કરી લુટેરી દુલ્હન નાસી ગઈ છે. પોલીસે લેખિતમાં અરજી લઈ તપાસ શરૂ કરી છે.

## બાલાગામની છાત્રા કુ.જિનલ ચુડાસમાની સ્પોર્ટસ સ્કુલ હેઠળ પસંદગી



જૂનાગઢ, તા.૨૪

સોરઠીયા વાણંદ સમાજ, બાલાગામની છાત્રા કુ. જિનલ યોગેશભાઈ ચુડાસમાની ડિસ્ટ્રિક્ટ લેવલ સ્પોર્ટ્સ સ્કૂલ (DLSS) હેઠળ પસંદગી કરવામાં આવી છે. આ આયોજનમાં શિક્ષણ, પુસ્તકો, નિવાસ, ભોજન તેમજ રમત, ગમતની સ્પોર્ટ્સ કિટ પણ અર્પણ કરવામાં આવે છે. તેની આ પસંદગીથી સોરઠીયા વાણંદ સમાજની સાથો સાથ ચુડાસમા પરિવારનું ગૌરવ વધારેલ છે તેમજ શ્રી બાલાગામ કન્યા પ્રાથમિક શાળા સ્ટાફ તરફથી શુભેચ્છા મેળવેલ છે.

## ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિ. ખાતે અધિકારી, કર્મચારીઓએ આદિકવિ નરસિંહ મહેતા જન્મદિવસ ઉજવણી પ્રસંગે શ્રધ્ધાસુમન અર્પણ કર્યા

**યુનિ. રજીસ્ટ્રાર સુખડીયાએ આદ્યકવિ નરસિંહ મહેતાનાં જીવનમાંથી સામાજીક સમરસતાનો બોધ સાથે કૃષ્ણભક્તિની વાત કરી**




જૂનાગઢ, તા. ૨૪

જૂનાગઢની ભકતકવિ નરસિંહ મહેતા યુનિ ખાતે યુનિ.નાં રજીસ્ટ્રાર ડી.એચ. સુખડીયાની અધ્યક્ષતામાં નરસિંહ વંદનાનો કાર્યક્રમ યોજાયો હતો. નરસિંહમહેતા રચિત પદોનાં ગાન શ્રવણ બાદ ડો. ડી.એચ. સુખડીયાએ નરસિંહ મહેતાની છબીને પુષ્પાહાર અર્પણ કરી શ્રધાભાવ વ્યકત કરી જણાવ્યું હતું કેનરસિંહ મહેતાનાં જીવનમાંથી સામાજીક સમરસતાનાં બોધ સાથે કૃષ્ણભક્તિની સમજણ જીવન પાથેય બની રહે છે. આ તકે યુનિ.નાં પ્રા. ભાવસિંહ ડોડીયા, પ્રા.નિશીથ ધારૈયા, ડો. સુહાસ વ્યાસ, ડો. જયસિંહ ઝાલા, સલીમ સીડા, લોકલફંડ કચેરીનાં હિસાબી અધિકારી સુવા, યુનિ.નાં હિસાબી અધિકારી કીર્તીબા, સહિત વિવિધ ફેકલટીઓ, વિવિધ વિભાગનાં અધિકારીઓ કર્મચારીઓ, ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમ્યાન ડો. શેખે નરસીંહ મહેતાનાં જીવનમાંથી બોધાત્મક બાબતોનો ચિસ્તાર રજુ કર્યો હતો. ડો. મયંક સોનીએ આભાર દર્શન અને અશ્વિન પટેલે કાર્યક્રમનું સંચાલન કર્યુ હતુ.

## રાજ્યકક્ષાની અંડર-૧૪ હેન્ડબોલ સ્પર્ધામાં જૂનાગઢની બહેનોએ બાજી મારી : ફાઈનલમાં ભાવનગરની ટીમને હરાવી સુવર્ણ પદક પ્રાપ્ત કર્યો





જૂનાગઢ, તા.૨૪

ગુજરાત સરકારના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગના ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગરના ઉપક્રમે ગુજરાત રાજ્યમા ખેલ મહાકુંભ +૨.૦નું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત જિલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, જૂનાગઢ દ્વારા સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે રાજ્યકક્ષા હેન્ડબોલ (બહેનો) અંડર-૧૪, અંડર-૧૭ અને ઓપન એઈજ વયજૂથના ખેલાડીઓનું સ્પર્ધાનું આયોજન કરવામાંઆવ્યું હતું. જેમાં સૌરાષ્ટ્ર ઝોન, પૂર્વઝોન, મધ્યઝોન અને દક્ષિણ ઝોનના વિજેતા થયેલ ટીમોએ રાજ્યકક્ષાના હેન્ડબોલ રમતમાં ભાગ લીધો હતો. તા.૨૦-૦૫-૨૦૨૪ થી ૨૨-૦૫-૨૦૨૪ સુધી અંડર-૧૪ (બહેનો) સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ફાઈનલ જૂનાગઢ ગ્રામ્ય તથા ભાવનગર ગ્રામ્ય વચ્ચે રમાઈ હતી, જેમાં જૂનાગઢ ગ્રામ્યની ટીમે ૩૦:૨૨ પોઈન્ટ સાથે સુવર્ણ પદક પ્રાપ્ત કર્યુ હતું. જ્યારે ભાવનગરની ટીમે રજત પદક મેળવ્યું હતું. અને તૃતીય સ્થાન માટે બોટાદ અને ગાંધીનગર ગ્રામ્ય વચ્ચે સ્પર્ધા થઈ હતી. જેમાં બોટાદ ટીમે ૧૮:૭ પોઈન્ટ સાથે કાસ્ય પદક પ્રાપ્ત કર્યો હતો. વિજેતા સ્પર્ધકોને મેડલ તથા સર્ટિફિકેટ દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. તા. ૨૨-૫-૨૦૨૪ થી તા.૨૭-૫-૨૦૨૪ સુધી અંડર-૧૭ અને ઓપન એઈજ (બહેનો) સ્પર્ધા યોજાશે આ તકે જિલ્લા રમત વિકાસ અધિકારી ગૌરાંગ નરે દ્વારા હેન્ડબોલ રમતના સ્પર્ધકોને રમતક્ષેત્રે પ્રોત્સાહિત કરવાના જિલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી દ્વારા આદરેલ પ્રયાસો વિશે માહિતગાર કર્યા હતા. તેમજ તમામ ટીમોને અભિનંદન આપ્યા હતા. રાજ્યકક્ષાની સ્પર્ધા સફળ બનાવવા માટે આ સ્પર્ધાના નોડલ ઓફિસર નિમેષ પટેલ, સહ-નોડલ અમિતભાઈ તેપન, રાજ્ય હેન્ડબોલ એસોસિએશન, તમામ ઓફિશિયલ સ્ટાફ તથા ટીમ મેનેજર કનકસિંહ ખેર અને યશવંતસિંહ ડોડિયાએ સ્પર્ધા સફળ બનાવવામાં ભારે જહેમત ઊઠાવી હતી.

## ઉના ખાતે આવેલ રાધાદામોદરજી મંદિરે નૃસિંહ જયંતિની ઉજવણી

(પ્રતિનિધિ દ્વારા)



ઉના, તા.૨૪

ઉના શહેરમાં આવેલ વરસો જુનુંશ્રી, રાધા દામોદરાયજીનું મંદિર આવેલ છે ત્યાં વરસોની પરંપરા મુજબ વિષ્ણુ ભગવાનનો અવતાર નૃસિંહ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. પ્રથમ રાધા દામોદરાયજીના મંદિરમાં નૃસિંહ ભગવાનના મ્હોરાનું પૂજન કરવામાં આવ્યું હતું ત્યારબાદ રાજા હિરણ્ય કશ્યપનો વધ કરેલ હતો. એક યુવાને મ્હોરૂ અને સિંહનો વેશ ધારણ કરી મંદિરના પરિસરમાં આવેલ ભકતોને દર્શન સાથે આશિર્વાદ આપ્યા હતા. લોકોએ દર્શન કરી નૃસિંહ ભગવાનની આરતી કરી ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં લોકો હાજરી આપી હતી.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# ભારતની મોટી કુટનિતિક સફળતા : ચાબહાર બંદર

ચીન અને ઈરાન વચ્ચે વધતી દોસ્તી વચ્ચે ભારતે ચાબહાર બંદર માટે દસ વર્ષની દીર્ઘ સમજૂતી કરીને મોટી કૂટનીતિક સફળતા મેળવી છે. આ સમજૂતી પાકિસ્તાન માટે મોટો ઝાટકો છે. હવે ભારત પાકિસ્તાનને બાયપાસ કરીને સીધું અફઘાનિસ્તાન, ઈરાન, મધ્ય એશિયા અને યુરોપ સુધી પહોંચી શકશે. ચાલુ ચૂંટણીઓ વચ્ચે થયેલી આ સમજૂતીથી ભારત માટે ઈરાનના ચાબહાર બંદરનું મહત્ત્વ સમજી શકાય છે. મુંબઈ બંદરથી ચાબહાર બંદર સુધી જળમાર્ગ ભારત માટે યુરોપનું દ્વાર ખોલે છે. ભારત અને ઈરાને ચાબહારમાં આવેલ શાહિત બેહશ્તી બંદરના ટર્મિનલના પરિચાલન માટે સોમવારે બંદર, જહાજરાની અને જલમાર્ગ મંત્રી સર્વાનંદ સોનોવાલની હાજરીમાં કરાર પર હસ્તાક્ષર કર્યા. આ પહેલો પ્રસંગ છે કે જ્યારે ભારતે વિદેશમાં સ્થિત કોઈ બંદરનું પ્રબંધન પોતાના હાથમાં લીધું છે. ચાબહાર બંદર ઈરાનના દિક્ષણી તટ પર સિસ્તાન-બલુચિસ્તાન પ્રાંતમાં આવેલું છે. આ બંદરને ભારત અને ઈરાન મળીને વિકસિત કરી રહ્યા છે, લાભ અફઘાનિસ્તાનને પણ થશે.

ચાબહાર બંદર 'આંતરરાષ્ટ્રીય ઉત્તર-દક્ષિણ પરિવહન કોરિડોર' (આઈએનએસટીસી) પરિયોજનાની એક મુખ્ય લિંક છે. આઈએનએસટીસી પરિયોજના ભારત, ઈરાન, અફઘાનિસ્તાન, આર્મેનિયા, અઝરબૈજાન, રશિયા, મધ્ય એશિયા અને યુરોપ વચ્ચે માલવહન માટે ૭,૨૦૦ કિલોમીટર લાંબી એક બહુસ્તરીય પરિવહન પરિયોજના છે. ભારતે ૨૦૨૪-૨૫ માટે ચાબહર બંદર માટે ૧૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે. પીએમ મોદીના નેતૃત્વમાં ૨૩ મે, ૨૦૧૬ના રોજ ચાબહારમાં નિર્માણને લઈને રણનીતિક સમજૂતી થઈ હતી. ત્યારબાદ ૨૦૧૮માં જ્યારે ઈરાનના તત્કાલીન રાષ્ટ્રપતિ હસન રુહાની નવી દિલ્હી આવ્યા તો ચાબહાર બંદર પર ભારતની ભૂમિકા પર વાતચીત થઈ હતી. જાન્યુઆરી ૨૦૨૪માં જ્યારે વિદેશ મંત્રી એસ.જયશંકર તેહરાનમાં હતા ત્યારે પણ આ મુદ્દો ઉઠ્યો હતો. ૨૦૧૬થી જ ભારત ચાબહારને વિકસિત કરી રહ્યું છે, પરંતુ અમેરિકી પ્રતિબંધ બાદથી ભારતની ઉદાસીનતાને કારણે ચાબહાર ડીલની ગતિ સુસ્ત પડી ગઈ હતી. બદલાતા ભૂરાજકીય પરિદૃશ્યમાં ચીનની ઈરાનમાં વધતી દિલચસ્પીથી ચાબહાર પોર્ટ સમજૂતી પર પણ ગ્રહણ લાગતું દેખાયું, પરંતુ ઈરાને ભારતની સાથે પોતાના ઐતિહાસિક અને સાંસ્કૃતિક સંબંધોને વધુ પ્રાથમિકતા આપી અને અંતે ચાબહાર સમજૂતીનો માર્ગ ખૂલ્યો. ભારત ઈરાનનું મોટું તેલ ખરીદાર છે. ભારતે હાલમાં જે રીતે સઉદી અરબ, સંયુક્ત અરબ અમીરાત સાથે પોતાના વેપારી સંબંધો મજબૂત કર્યા છે અને સઉદી અરબ અને ઈરાનમાં નજદિકી વધી છે, તેને જોતાં ઈરાન સાથે ભારતની વ્યાપારિક પ્રગાઢતાથી મધ્ય એશિયા અને ખાડી ક્ષેત્રમાં ભારતની પહોંચ વધશે. ઈરાન પ્રાકૃતિક ગેસનું મોટું નિકાસકર છે. અરબ સાગર, એડનની ખાડી અને લાલ સાગરમાં ભારતીય નૌસૈનિક બહુ મજબૂત છે, તેથી આ ક્ષેત્રના દેશો સાથે ભારતના સારા સંબંધો ભારત માટે સારું છે. આ સમજૂતીથી ભારતને પાકિસ્તાનના ગ્વાદર બંદર સાથે સાથે ચીનની બેલ્ટ એન્ડ રોડ ઈનિશિએટીવને પણ કાઉન્ટર કરવામાં મદદ મળશે. કઝાખસ્તાન અને ઉઝબેકિસ્તાન જેવા સંસાધન સંપન્ન મધ્ય એશિયાઈ દેશો હિંદ મહાસાગર ક્ષેત્ર અને ભારતીય બજાર સુધી પહોંચવા માટે ચાબહારનો ઉપયોગ કરવા માગે છે. આ સમજૂતી ભારતની પ્રગતિ માટે મોટી ઉપલબ્ધિ કહી શકાય.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

હસમુખ ચહેરો રોગી માટે એટલું જ સારૂં છે જેટલું કે અનુકૂળ ઋતુ...

- ફ્રેન્કલિન

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.દએ-૧૩૯૩, મુ. જિલ્કાદ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, વૈશાખ વદ-૧ મહર્ષિ શ્રી નારદ જયંતિ તા.૨૪ મે ૨૦૨૪, શુક્રવાર, પારસી તા.૧૩, મુસ્લિમ તા.૧૫, અનુરાધા નક્ષત્ર, શિવ યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૬:૦૮, સૂ.અ.૭:૨૮
આજનો દિવસ સવારે ૧૦:૦૯ ક.સુધી શુભ છે
આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: લાભની નવિન તક સાંપડે, વડીલવર્ગથી લાભ થાય.
વૃષભ:કાર્યબોજમાં વધારો થાય. દરેક કાર્યમાં સાવચેતી રાખવી હિતાવહ.
મિથુન:માનસિક ચિંતા હળવી બને. સમસ્યાનો ઉકેલ મળે.
કર્ક: સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. પ્રવાસમાં લાભ થાય.
સિંહ: આર્થિક લેવડ-દેવડથી દૂર રહેવું હિતાવહ.વાણીસંયમ જાળવવો.
કન્યા: અણધાર્યો લાભ મળે. મનમાં ચંચળતા રહે.
તુલા: નાણાંભીડ અનુભવાય. ભાઈ-બહેનસાથે વાક્યયુધ્ધ થાય.
વૃશ્ચિક:અટકી-અટકીને કાર્ય પૂર્ણ થાય. મનમાં અશાંતિ રહે.
ધન: પ્રવાસમાં હાનિ. મહત્વના કાર્યમાં રૂકાવટ આવે.
મકર: જૂના શત્રુઓનું જોર વધે. સરળ કાર્યો કઠીન બની જાય.
કુંભ: મહત્વના કાર્યમાં સફળતા મળે. આર્થિક સમસ્યામાં હળવાશ અનુભવાય.
મીન: મનની મુરાદ પૂરી થાય. રોકાયેલા નાણાં છૂટા થાય.

### દીકરીઓએ દરેક ક્ષેત્રમાં નવા કીર્તિમાન સ્થાપ્યા છે : રાજ્યપાલ

# પ્રોબેશ્નરી આઈએએસ અધિકારીઓએ રાજ્યપાલ સાથે સૌજન્ય મુલાકાત કરી



## આઠ નવા પ્રોબેશ્નરી આઈએએસ અધિકારીઓમાં સાત મહિલાઓ

## દીકરીઓની પ્રગતિ માટે પ્રસન્નતા વ્યક્ત કરતાં આચાર્ય દેવવ્રત

ગાંધીનગર, તા.૨૪

ગુજરાત કેડરના વર્ષ ૨૦૨૩ ની બેચના પ્રોબેશનરી આઈ.એ.એસ. અધિકારીઓએ આજે રાજભવનમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રત સાથે સૌજન્ય મુલાકાત કરી હતી. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે તેમને અભિનંદન અને શુભકામનાઓ પાઠવતાં કહ્યું કે, પ્રતિભા, કૌશલ્ય અને સખત પરિશ્રમથી, માતા-પિતા અને ગુરુજનોના આશીર્વાદથી આપ આઈ.એ.એસ. તરીકે સર્વોચ્ચ પ્રશાસનિક પદ પામ્યા છો ત્યારે સેવાકાળ દરમિયાન એવા કર્મો કરજો કે દુઃખિયારા લોકોના આંસુ લૂછી શકાય, કોઈ જરૂરિયાતમંદના ઘરને ઉજ્જ્વળ કરી શકાય, યુવા પેઢીને તેના પરિવાર, સમાજ અને રાષ્ટ્ર માટે તૈયાર કરી શકાય. જે સત્કર્મો કરે છે તેને જ ઈતિહાસ યાદ રાખે છે.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કહ્યું કે, આપ ભાગ્યશાળી છો કે સેવા માટે આપને ગુજરાત જેવું રાજ્ય મળ્યું છે, જે હર ક્ષેત્રમાં અગ્રેસર છે. ગુજરાતના લોકો પરિશ્રમી, પ્રગતિશીલ અને સહયોગી છે. ગુજરાતીઓમાં પોતાના પ્રદેશને આગળ વધારવાની ભાવના રહેલી છે.

આઠ નવા પ્રોબેશનરી આઈ.એ.એસ. અધિકારીઓમાં સાત મહિલાઓ છે. દીકરીઓની પ્રગતિ માટે પ્રસન્નતા વ્યક્ત કરતાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કહ્યું કે, પ્રાચીનકાળમાં મૈત્રેયી, ગાર્ગી, લોપામુદ્રા, રત્નાવલી, વિશ્વઆરા જેવી વિદુષી મહિલાઓ થઈ ગઈ, જેમણે ભારતના ગરિમા અને ગૌરવમાં વૃદ્ધિ કરી છે. ભારતીય સંસ્કૃતિમાં વિદ્યા માટે સરસ્વતી દેવી છે, વીરતા માટે દુર્ગા અને પાલનપોષણ માટે જગતજનની જગદંબા છે. ઈશ્વર પછી માતૃશક્તિને જ ભગવાનનો દરજ્જો મળ્યો છે. વર્તમાનમાં પણ દીકરીઓએ દરેક ક્ષેત્રમાં નવા કીર્તિમાન સ્થાપ્યા છે.

આઈ.એ.એસ.ની કઠિન પરીક્ષા પાસ કરીને નવી જવાબદારી સંભાળવા જઈ રહેલી દીકરીઓને અભિનંદન આપતાં તેમણે કહ્યું કે, ભારતના ગામડાઓમાં વિકાસની ક્ષમતા છે, તેમને વિકાસનો અવસર આપજો. શિક્ષણનો વ્યાપ વધે તે માટે પ્રયત્ન કરજો. તમે તમારા જિલ્લા માટે આદર્શ બનો અને માતા-પિતા તથા રાષ્ટ્રનું ગૌરવ વધારીને નવા કીર્તિમાન સ્થાપો એ જ શુભકામના.

ગુજરાતને ફાળવાયેલા આ પ્રોબેશનરી આઈ.એ.એસ. અધિકારીઓએ સરદાર પટેલ ઈન્સ્ટિટયૂટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન-સ્પીપામાંથી ઈન્સ્ટિટ્યૂશનલ તાલીમ પૂર્ણ કરી છે. હવે તેઓ અલગ અલગ જિલ્લાઓમાં ક્ષેત્રીય તાલીમ મેળવશે.

### આતંકવાદીઓ માટે જાસૂસી કરતા શખ્સને ઝડપી લેવાયો

# પાકિસ્તાનને માહિતી પહોંચાડતા યુવકની એટીએસે કરી ધરપકડ

## પોરબંદરની સુભાષનગર ખાતેથી જતીન જે.ચારણીયા નામના જાસૂસને ઝડપી લઈને તેની પુછપરછ હાથ ધરી છે

પોરબંદર,તા.૨૪

ગુજરાત એટીએસે આઈએસઆઈએસ માટે કામ કરતા એક શખ્સની પોરબંદરથી ધરપકડ કરી છે. એટીએસના અધિકારીઓ પોરબંદરની સુભાષનગર ખાતેથી જતીન જે.ચારણીયા નામના જાસૂસને ઝડપી લઈને તેની પુછપરછ હાથ ધરી છે.દેશમાં જ રહીને અને ખાઈને પાકિસ્તાનને મદદ કરનારા જાસૂસને કોર્ટમાં રજૂ કરી વધુ તપાસ માટે પોલીસ રિમાન્ડની માંગણી કરશે. તેની પુછપરછમાં અન્ય શકસોના નામ બહાર આવે તેવી શક્યતા પોલીસે વ્યકત કરી છે. હનીટ્રેપમાં ફસાયેલા આ યુવકે સોશિયલ મિડીયામાં સુદર યુવતી સાથે ટેચિંગ કરતા કરતા પાકિસ્તાન માટે જાસૂસી કરવા લાગ્યો હતો. અગાઉ પણ જાસૂસી કરતા યુવકની ભરૂચમાંથી ધરપકડ કરવામાં આવી હતી. તેમાં પણ હનીટ્રેપમાં ફસાયેલો આ યુવક પાકિસ્તાન માટે જાસૂસી કરતો હોવાનું બહાર આવ્યું હતું. એટીએસને માહિતી મળી હતી કે જતીન ચારણીયા નામનો માછીમાર પાકિસ્તાનથી સંચાલિત અદ્રિકા પ્રિન્ય નામના સોશિયલ મીડિયા એકાઉન્ટ મારફતે માહિતી મોકલે છે. જેને આધારે પોલીસે સોશિયલ મિડીયા અને ફાયનાન્સ પર વોચ રાખી હતી. બાદમાં આ અંગે પુરાવા એકઠા કર્યા હતા.

પોલીસના જણાવ્યા મુજબ આરોપી સોશિયલ મીડિયા મારફતે પાકિસ્તાની જાસૂસી સંસ્થા આઈએસઆઈએસને દેશની ગુપ્ત અને અગત્યની માહિતી પહોંચાડતો હતો.તેના રિમાન્ડ મેળવ્યા બાદ પુછપરછમાં કેટલીક ચોંકાવનારી માહિતી બહાર આવે તેવી સંભાવના પોલીસે વ્યક્ત કરી છે. પોરબંદરના દરિયાકિનારે માછીમારી કરતો જીતેન્દ્ર ચારણીયા છેલ્લા ચારેક મહિનાથી Advika Prince નામ ધરાવતા પાકિસ્તાની એજન્ટ સાથે સંપર્કમાં હતો. આરોપી ભારતીય કોસ્ટ ગાર્ડના જેટી ઉપરાંત બોટની માહિતી ફેસબુક મેસેન્જર, વોટ્સએપ ઉપરાંત ટેલીગ્રામ જેવી એપ્લિકેશનથી પાકિસ્તાનના એજન્ટને મોકલીને બદલામાં પૈસા મેળવતો હતો.

વધુ તપાસમાં જણાયું હતું કે છદ્મદ્બૈદ્બૈહિષ્ઠી ફેસબુક પ્રોફાઈલ ધારકે પોતે મહિલા હોવાનું જણાવીને જતીન ચારણીયા પાસેથી તે ગુજરાતના પોરબંદરમાં રહેતો હોવાની તથા માછીમારી કરતો હોવાની માહિતી મળવી હતી. તણે અવારનવાર ચેટ દ્વારા જતીનનો વિશ્વાસ મેળવ્યો હતો. જતીન આ કથિત મહિલાને ભારતીય કોસ્ટ ગાર્ડની જેટી તથા જેટી પરના શીપના વીડિયો બનાવીને મોકલતો હતો.

પોલીસે તપાસ કરતા આ બન્ને વચ્ચે ફેસબુક મેસેન્જર અને ટેલીગ્રામ એકાઉન્ટ પર થયેલી ઘણી ચેટ પ્રાઈવસી સેટીંગ્સને કારણે ૨૪ કલાકમાં ઓટો ડિલિટ થઈ ગઈ હતી. જતીનના બેક્ક એકાઉન્ટમાં ટુકડે ટુકડે છ હજાર રૂપિયા જમા થયા હોવાનું પણ બહાર આવ્યું છે.આરોપી જતીન ચારણીયા ભારતીય કોસ્ટ ગાર્ડ રિસોર્સિસ અંગેની રાષ્ટ્રીય સુરક્ષાને લગતી ગુપ્ત માહિતી મોકલી ગેરકાયદે વળતર મેળવતો હોવાથી તેની વિરૂધ્ધ વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

### પાછળના ગેટની બહાર ગયો અને ત્યાંથી નીકળી ગયા

# શાહરૂખ ખાનને હોસ્પિટલમાંથી સારવાર બાદ રજા આપી દેવાઈ

## લગભગ ૩૦ કલાક સુધી હોસ્પિટલમાં દાખલ રહ્યા બાદ સુપરસ્ટારને રજા આપવામાં આવી હતી

અમદાવાદ,તા.૨૪

શાહરૂખ ખાનને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. લગભગ ૩૦ કલાક સુધી હોસ્પિટલમાં દાખલ રહ્યા બાદ સુપરસ્ટારને રજા આપવામાં આવી છે. ડિસ્ચાર્જ બાદ શાહરૂખ ખાન એરપોર્ટ જવા રવાના થઈ ગયા હતા. અમદાવાદની કેડી હોસ્પિટલમાં દાખલ શાહરૂખ ખાનને રજા આપવામાં આવી હતી. સમાચાર અનુસાર, શાહરૂખ ખાનની એક ઝલક મેળવવા માટે સમગ્ર મીડિયા આખો દિવસ મુખ્ય ગેટ પર ઊભું હતું. પરંતુ શાહરૂખ ત્યાંથી ન નીકળ્યો, પાછળના ગેટની બહાર ગયો અને ત્યાંથી નીકળી ગયો. એવા અહેવાલો છે કે શાહરૂખ હોસ્પિટલમાંથી રજા મળ્યા પછી તરત જ એરપોર્ટ પર ગયો હતો અને માહિતી સામે આવી છે કે તે મુંબઈ જવા રવાના થઈ ગયો છે. સુપરસ્ટાર શાહરૂખ ખાનના સ્વાસ્થ્ય વિશે અપડેટ આપતા તેમની મેનેજર પૂજા દદલાનીએ કહ્યું કે તેઓ હવે ઠીક છે. તમને જણાવી દઈએ કે ગઈકાલે અમદાવાદમાં શાહરૂખ ખાનને ડીહાઈડ્રેશનના કારણે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. કિંગ ખાનની મેનેજરે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને તેના સ્વાસ્થ્ય વિશે જાણકારી આપી છે. પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર પોસ્ટ કરતા પૂજાએ લખ્યું - હું મિસ્ટર ખાનના ફેન્સ અને શુભેચ્છકોને જણાવું કે તે હવે ઠીક છે. તમારા પ્રેમ, તમારી પ્રાર્થના અને તમારી ચિંતા માટે ખૂબ ખૂબ આભાર. તમને જણાવી દઈએ કે ગઈકાલે એટલે કે ૨૨ મે, ૨૦૨૪ના રોજ શાહરૂખ ખાનની તબિયત હીટસ્ટ્રોકના કારણે બગડી હતી અને ડીહાઈડ્રેશનના કારણે તેમને અમદાવાદની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમને બપોરે લગભગ ૧ વાગ્યે અમદાવાદની કેડી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, ત્યારબાદ તેમની પત્ની ગૌરી ખાન પણ સાંજ સુધીમાં હોસ્પિટલ પહોંચી હતી. અભિનેત્રી જુહી ખાન પણ તેના પતિ જય મહેતા સાથે શાહરૂખ ખાનની હાલત જાણવા હોસ્પિટલ ગઈ હતી. અભિનેત્રીએ પણ કિંગ ખાનની હેલ્થ અપડેટ આપી હતી. તેણે કહ્યું હતું કે, 'ગઈ રાત્રે શાહરૂખની તબિયત સારી ન હતી, પરંતુ તેની સંભાળ રાખવામાં આવી રહી છે અને આજે સાંજે તે વધુ સારું અનુભવી રહ્યો છે. ભગવાનની કૃપા રહી તો,તે ટૂંક સમયમાં સાજા થઈ જશે અને સપ્તાહના અંતે જ્યારે અમે ફાઈનલ રમીશું ત્યારે સ્ટેન્ડમાં ટીમને ઉત્સાહિત કરશે.

### ગરમીમાં લોકો હિટસ્ટ્રોકનો ભોગ બની રહ્યા છે

# IPL મેચમાં શાહરૂખખાન સહિત ૫૪ લોકો બન્યા હિટ સ્ટ્રોકનો ભોગ

## તમામ લોકોમાં મોટે ભાગે તાવ આવવો, ચક્કર આવવો અને માથાના દુઃખાવાની ફરિયાદ જોવા મળી

અમદાવાદ,તા.૨૪

અમદાવાદ શહેરમાં આગ ઝરતી ગરમીમાં લોકો હિટસ્ટ્રોકનો ભોગ બની રહ્યા છે. અત્યારે ગરમીની સાથે IPLની સિઝન પણ છે.

શહેરમાં નરેન્દ્ર મોદી સ્ટેડીયમમાં છેલ્લી મેચમાં અનેક લોકો હિટસ્ટ્રોકનો ભોગ બન્યા.

અમદાવાદમાં રમાયેલ IPLની છેલ્લી બે મેચમાં ૫૪ લોકો હિટસ્ટ્રોકનો ભોગ બન્યા. તમામ લોકોમાં મોટે ભાગે તાવ આવવો, ચક્કર આવવો અને માથાના દુઃખાવાની ફરિયાદ જોવા મળી. સૌથી વધુ અસર પાંચ લોકોને થઈ. તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. જ્યારે બાકીના લોકો ઘરે સારવાર કરાવી. બુધવારે અમદાવાદમાં રેડ એલર્ટ હતું પરંતુ ક્રિકેટના રસિયાઓ મેચ જોવા સ્ટેડિય પંહોચ્યા હતા. જેમાંથી કેટલાકને પેટમાં દુખાવો, ચક્કર આવવા અને ઝાડા ઉલટી થતા તબિયત લથડતા ઘરે પાછા ફર્યા.

# જામનગરમાં કાળઝાળ ગરમી વચ્ચે ૩ વ્યક્તિના હદય થંભી ગયા

જામનગર,તા.૨૪

જામનગર સહિત રાજયભરમાં આ ઉનાળો આકરો અને ભયાવહ સાબિત થઈ રહ્યો છે. આવી સ્થિતિ વચ્ચે દિવસે ને દિવસે તાપમાન રેકોર્ડ બ્રેક સ્થિતીએ પહોંચી રહ્યું છે. તેવામાં આકરી ગરમી વચ્ચે ગભરામણ અને હાર્ટએટેકને પગલે ત્રણ લોકોના મોત થયાના કિસ્સો સામે આવ્યો છે. જામનગર શહેર ઉપરાંત આલિયાબાડા અને ભાંગડા ગામે ત્રણ વ્યક્તિના મોત થતા હાહાકાર મચી ગયો છે આથી પોલીસે મોતની નોંધ કરી તપાસ હાથ ધરી છે.

સીટી સી ડિવિઝન પોલીસ ચોપડે નોંધાયેલા કેસની વિગત એવી છે કે ગોકુલનગર વિસ્તારમાં નારાયણ નગર હરિયા કોલેજની પાછળ રહેતા સતિષભાઈ દામજીભાઈ બુશા નામના ૫૪ વર્ષીય પોતાના ઘરે હતા. ત્યાં દરમિયાન તેમની એકાએક તબિયત બગડી હતી. જેને લઈને પરિવારજનોને જાણ થતા સતિષભાઈ ને તાત્કાલિક સારવાર માટે જામનગરની જીજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે સારવાર મળે તે પહેલા જ સતિષભાઈ બુશાને માર્ગમાં કાળ આંબી જતા ફરજ પરના તબીબે તેઓનું મોત નીપજ્યું હોવાનું જણાવ્યું હતું. આ મામલે પોલીસે મોતની નોંધ કરી તપાસ હાથ ધરી છે.

આ ઉપરાંત કાલાવડ ગ્રામ્ય પોલીસ મથકે નોંધાયેલા કેસની વિગત એવી છે કે કાલાવડ નજીક આવેલ ભંગડા ગામે રહેતા પ્રફુલસિંહ પ્રવિણસિંહ જાડેજા નામના ૬૨ વર્ષીય ખેડૂત આધેડ બપોરના સમયગાળા દરમિયાન પોતાના રહેણાંક મકાને હતા. આ દરમિયાન ગરમીને તેઓ એકાએક તેઓ બેભાન થઈ ગયા હતા. જેને લઈને કાલાવડની સરકારી હોસ્પિટલ ખાતે તેઓને સારવાર માટે ખસેડાયા હતા. જોકે આ દરમિયાન પ્રફુલસિંહનું હૃદય રોગના હુમલાને પગલે મોત થયું હોવાનું ફરક પરના તબીબે જાહેર કર્યો હતો. જેને લઈને રાજદીપસિંહ જાડેજાએ કાલાવડ ગ્રામ્ય પોલીસમાં જાણ કરતા પોલીસે મોતની નોંધ કરી તપાસ હાથ ધરી છે. આ ઉપરાંત અકાળે મોત મામલે પંચકોશી એ ડિવિઝન પોલીસ ચોપડે નોંધાયેલી વિગત અનુસાર અલિયાબાડા ગામે પ્રવીણભાઈ નારણભાઈ યાદવનું મોત થયું છે. ગરમીને પગલે બેભાન થયા બાદ મોત થયું છે. પ્રવીણભાઈ યાદવ ગત તારીખ ૧૮ ના રોજ પોતાના ઘરે હતા દરમિયાન ૧૦:૦૦ વાગ્યાની આસપાસ ઘરેથી બાડા ગામે જવા રવાના થયા હતા. ત્યારે ચાર વાગ્યાની આસપાસ કોઈપણ રીતે બેભાન થઈ ગયા હતા.

## બુદ્ધપૂર્ણિમાના અવસરે ભક્તોએ સરયુ નદીમાં પવિત્ર ડૂબકી લગાવી



બુદ્ધપૂર્ણિમાના અવસરે ભક્તોએ સરયુ નદીમાં પવિત્ર ડૂબકી લગાવી અને પ્રાર્થના કરી હતી.

# મહુડીના ઘંટાકર્ણ મહાવીર મંદિરમાંથી ૧૩૦ કિલો સોનું અને કરોડો રૂપિયાની કથિત ઉચાપત બાબતે હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી

## મંદિરની હાલની રચાયેલી કમિટી ગેરકાયદેસર રીતે બની હોવાનો ગંભીર આક્ષેપ




અમદાવાદ, તા.૨૪ ગાંધીનગર જિલ્લાનાં મહુડી સ્થિત યાત્રાધામ ઘંટાકર્ણ મહાવીર મંદિરમાંથી ૧૩૦ કિલો સોનુ અને કરોડો રૂપિયાની કથિત ઉચાપત કરવામાં કેસમાં ગુજરાત હાઈકોર્ટ ખાતે જાહેર હિતની અરજી કરવામાં આવી છે. જેમાં વર્ષ ૨૦૧૨થી લઈ ૨૦૨૪ના વર્ષ સુધીના ઓડિટ-હિસાબોની તપાસ કરાવવા અને રાજય સરકાર દ્વારા સમગ્ર ઉચાપત પ્રકરણ મામલે વિશેષ કમિટી રચી તપાસ કરાવવા માગણી કરવામાં આવી છે. આ ઉપરાંત ઘંટાકર્ણ મહાવીર મંદિરનો વહીવટ અને સંચાલન સુચારૂં રૂપે થાય તે હેતુસર તમામ હિસાબો કરવા પણ પિટિશનમાં માંગ કરાઈ છે. આ અરજીની સુનાવણી હાઈકોર્ટમાં ઉનાળાના વેકેશન બાદ હાથ ધરવામાં આવે તેવી શક્યતાઓ છે. ઉલ્લેખનિય છે કે શ્રી ઘંટાકર્ણ મહાવીરનું જૈન મંદિર ૧૦૦ વર્ષ કરતાં પણ પ્રાચીન અને તેના ધાર્મિક અને સાંસ્કૃતિક મહત્ત્વ ધરાવે છે. અરજદાર જયેશ મહેતા દ્વારા હાઈકોર્ટમાં કરવામાં આવેલી આ અરજીમાં મંદિરની હાલની રચાયેલી કમિટી ગેરકાયદેસર રીતે બની હોવાની રજૂઆત સાથે ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે કે મંદિરનાં બની બેઠેલા કમિટીના સભ્યો દ્વારા ૨૦૧૬માં નોટબંધી દરમ્યાન ૨૦ ટકા કમિશનથી જૂની નોટો બદલી ગેરરીતિ આચરાઈ હતી. હાલની કહેવાતી ગેરકાયદે મેનેજમેન્ટ કમિટીના સભ્યો ભૂપેન્દ્રભાઈ વોરા અને કમલેશભાઈ મહેતા દ્વારા ૧૩૦ કિલો સોનુ ગાયબ અને રૂા.૧૪ કરોડથી વધુની નાણાંકીય ઉચાપત કરાઈ હોવાનો અરજીમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અરજીમાં વધુમાં રજૂઆત કરાઈ હતી કે, ૨૦૧૨થી લઈ અત્યાર સુધી આ કહેવાતી મેનેજમેન્ટ કમિટીના સભ્યો દ્વારા તેમના અંગત હિત અને લાભ ખાટવા ગેરકાયદે રીતે અને ગેરબંધારણીય રીતે મંદિરની રોજિંદી ક્રિયાઓ અને વિધિઓ તેમની મરજી મુજબ કરવામાં આવે છે. અરજદાર દ્વારા અગાઉ આ સમગ્ર મામલે જોઈન્ટ ચેરિટી કમિશનર, અમદાવાદ સમક્ષ જુદી જુદી ફરિયાદો-અરજીઓ પણ કરાયેલી છે. આ ચારેય અરજીઓ જોઈન્ટ ચેરિટી કમિશનરની કચેરીમાં પડતર હોવા છતાં તેની હજુ સુધી અસરકારક સુનાવણી થઈ નથી.

# રાજ્યની તમામ ગ્રાન્ટેડ સ્કૂલોમાં દિવ્યાંગ રોસ્ટર રજિસ્ટર બનાવવા સૂચના અપાઈ

## ૪ ટકા દિવ્યાંગ અનામત લાગુ થયા બાદના કર્મચારીઓની પણ રજિસ્ટરમાં નોંધ કરાશે

અમદાવાદ, તા.૨૪ રાજયની તમામ ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં દિવ્યાંગ રોસ્ટર બનાવવા માટે જણાવાયું છે. સીધી ભરતીથી પસંદગી પામેલા કર્મચારીઓ પૈકી દિવ્યાંગ માટેના રોસ્ટરને લઈને શાળાઓની કચેરીના નિયામક દ્વારા તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને સુચના આપી હોવાનું જાણવા મળે છે. ૨૦૦થી ૨૦૨૧ સુધીના દિવ્યાંગો માટે રોસ્ટર ઉપરાંત ૨૦૨૧માં ૪ ટકા દિવ્યાંગ અનામત લાગુ થયા બાદના કર્મચારીઓની નવા દિવ્યાંગ રજિસ્ટરમાં નોંધ કરવા માટે સૂચના અપાઈ છે. પ્રાપ્ત માહિતી અનુસાર દિવ્યાંગો માટે જગ્યાઓ સુનિશ્ચિત કરવા અને દિવ્યાંગ અનામત રોસ્ટર નિભાવવાની કામગીરી તાત્કાલિક પૂર્ણ કરવા શિક્ષણ વિભાગ કક્ષાએ યોજાયેલી બેઠકમાં સૂચના આપવામાં આવી હતી. જેને લઈને શાળાઓની કચેરીના નિયામકે તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને પત્ર લખી તાબા હસ્તકની તમામ ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉ.મા. શાળાઓમાં તાત્કાલિક અમલ કરાવવા માટે જણાવાયું હતું. જેમાં બિનસરકારી અનુદાનિત શાળાઓને શાળાદીઠ અને વિભાગદીઠ શિક્ષણ સહાયક સંવર્ગ માટે દિવ્યાંગ રોસ્ટર બનાવવાના રહેશે. આ સંબંધિત દિવ્યાંગ રોસ્ટરમાં ૧ જાન્યુઆરી, ૨૦૦૦થી ૩૧ સપ્ટેમ્બર, ૨૦૨૧ સુધી થયેલા સંવર્ગવાર જેમાં દિવ્યાંગ અને સામાન્ય એન બંને પ્રકારના સીધી ભરતીમાં પસંદ થયેલા કર્મચારીઓને ક્રમાનુસાર પરિશિષ્ટ મુજબ તૈયાર કરવાનું રહેશે. રોસ્ટર રજિસ્ટરમાં સીધી ભરતીથી નિમણૂક અંગેના રજિસ્ટરમાં દિવ્યાંગ વ્યક્તિઓ માટે અનામત શબ્દ લખવાનો રહેશે, જ્યારે અન્યમાં બિનઅનામત શબ્દ લખવાનો રહેશે. આ રોસ્ટર રજિસ્ટરમાં ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૧ સુધી નિમણૂંક કરેલા તમામ નામોની નોંધણી કર્યા બાદ છેલ્લા આવેલા રોસ્ટર ક્રમને ધ્યાને લઈને તારીજ બનાવવાની રહેશે. આ તારીજમાં ભરવાપાત્ર જગ્યાઓ નક્કી કરવાની રહેશે. ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૧ બાદ ૪ ટકા દિવ્યાંગ અનામત લાગુ થયેલી હોવાથી ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૧ બાદ સીધી ભરતીથી નિમાયેલા કર્મચારીઓને સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ મુજબ નવા દિવ્યાંગ રજિસ્ટરમાં નોંધ કરવાની રહેશે. પરંતુ આ રજિસ્ટરમાં એન્ટ્રી કરતા પહેલા પ્રથમ રજિસ્ટરનો છેલ્લો અનામત (દિવ્યાંગ) ક્રમ બાદ તુરત પછીના ક્રમથી તમામની એન્ટ્રી નવા રજિસ્ટરમાં કરવાની રહેશે. ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૧ બાદ ૪ ટકા દિવ્યાંગ અનામત અંગેની તારીજ પણ બનાવવાની રહેશે. જેથી બંને તારીજનો સરવાળો કરતા દિવ્યાંગોની ભરવાપાત્ર કુલ જગ્યાઓ મળશે.

# આભમાંથી વરસતા અગનગોળા સાથે પક્ષીઓ બેહાલ : ડિહાઈડ્રેશનનો ભોગ બની રહ્યા છે

## ઝાડ ઉપર લટકતા ચામાચીડિયા, વાગોળ સહિત નિશાચર પક્ષીઓ ડિહાઈડ્રેશનના લીધે ઝાડ ઉપરથી ટપોપપ નીચે પટકાઈ રહ્યા છે

અમદાવાદ, તા.૨૪ વિકાસની હરણફાળ અને આંધળી દોટથી જંગલ લુપ્ત થઈ રહ્યા છે શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં વૃક્ષોનું આડેધડ નિકંદન કાઢી વૃક્ષોની જગ્યાએ સિમેન્ટ કોંક્રીટના જંગલ ઉભા થઈ રહ્યા છે પક્ષીઓ ઝાડની જગ્યાએ મકાન બિલ્ડિંગ્સમાં માળો બનાવવા મજબૂર બન્યા છે છીછરાં તળાવો વગેરેની સંખ્યા પણ ઘટી છે. બીજી તરફ ગ્લોબલ વોર્મિંગના કારણે સતત વધતું જતું તાપમાન પક્ષીઓ માટે આફતરૂપ બન્યું છે. પક્ષીઓ વધુ ગરમી સહન નથી કરી શકતા એવામાં વધુ ગરમીના સમયે તેમને પાણીની જરૂ પડે અને નજીકમાં પાણી ન મળે એટલે દૂર સુધી ઉડીને જતાં ગરમી સહન ન થતાં ડિહાઈડ્રેશનના કારણે તેઓ બેહોશ થઈ જાય છે અને છેવટે મોતને ભેટે છે. ગુજરાતમાં હાલ કાળઝાળ ગરમી પડી રહી છેઅમદાવાદ જિલ્લા સહિત રાજ્યમાં હીટવેવની અસર પ્રવર્તી રહી છે છેલ્લા સપ્તાહથી ગરમીનો પારો ૪૪ ડિગ્રીની આસપાસ રહેતા દેહદઝાડતી ગરમીથી લોકો તોબા પોકારી ઉઠ્યા છે છેલ્લા એક સપ્તાહમાં અનેક પક્ષીઓ ડિહાઈડ્રેશનનો ભોગ બન્યા છે આગ ઓકતી ગરમીમાં પાણી-ખોરાકની શોધમાં આભમાં ઉડતા પક્ષીઓ ડિહાઈડ્રેશનના લીધે જમીન ઉપર પટકાઈ પડવાની સાથે રહેણાંક વિસ્તારોમાં રહેતા કબૂતર ચકલી સહિતના પક્ષીઓ ડિહાઈડ્રેશનના લીધે બેશુદ્ધ બની રહ્યા છે પક્ષીઓ બીમાર પડી રહ્યા હોવાનું પક્ષીવિદે જણાવ્યું હતું પક્ષીઓ માટે ઝાડ તથા ઘરની બહાર મૂકેલા પાણીના કૂંડાઓમાં ઓઆરએસ નાખવામાં આવે તો ઓઆરએસ યુક્ત પાણી પીવાથી પક્ષીઓ ડિહાઈડ્રેશન અને હિટવેવનો ભોગ બનતા અટકાવી શકાય છે.

# ભારત ૫ ટ્રિલિયન ડોલરથી વધુ મૂલ્યના શેરબજારો ધરાવતાં દેશોની યાદીમાં સામેલ



નવી દિલ્હી, તા.૨૪ ભારત પાંચ ટ્રિલિયન ડોલરથી વધુ મૂલ્યના શેરબજારો ધરાવતા દેશોની યાદીમાં જોડાઈ ગયું છે જેમાં તાજેતરમાં પ્રથમ વખત BSE-લિસ્ટેડ કંપનીઓની સંયુક્ત માર્કેટ કેપિટલાઈઝેશન સીમાચિહ્નને પાર કરી હતી. BSE ડેટા અનુસાર ૨૨ મેના રોજ બપોરે ૧૨ વાગ્યા સુધીમાં એક્સચેન્જ-લિસ્ટેડ કંપનીઓનું કુલ મૂલ્ય રૂા.૪,૧૫,૬૧,૩૧૬.૦૫ કરોડ (USD 4.99 ટ્રિલિયન)ની સર્વકાલીન ઊંચી સપાટીએ હતું. ૩૦ શેરવાળો સેન્સેક્સ બુધવારે ૧૧૭.૫૯ પોઈન્ટ અથવા ૦.૧૬ ટકા વધીને ૭૪,૦૬૫.૬૧ ઉપર પહોંચ્યો હતો. USD પાંચ ટ્રિલિયનથી વધુ મૂલ્યના શેર બજારો ધરાવતા દેશોમાં હવે ભારત સામેલ થઈ ગયું છે. અગાઉ પાંચ ટ્રિલિયન અમેરિકી ડોલરના માર્કને ૧. US (USD 55.7 ટ્રિલિયન), ૨. ચીન (USD 9.4 ટ્રિલિયન), ૩. જાપાન (USD ૬.૪ ટ્રિલિયન), ૪. હોંગકોંગ (USD 5.5 ટ્રિલિયન)નો સમાવેશ થતો હતો. BSE ઉપર તમામ લિસ્ટેડ કંપનીઓનું સંયુક્ત માર્કેટ વેલ્યુએશન ગયા વર્ષે ૨૯ નવેમ્બરે પ્રથમ વખત USD 4 ટ્રિલિયનના માઈલસ્ટોન ઉપર પહોંચ્યું હતું. BSE ઉપર તમામ લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપિટલાઈઝેશન ૨૪ મે, ૨૦૨૧ના રોજ USD 3 ટ્રિલિયનના આંકને સ્પર્શ્યું હતું. એક્સચેન્જ-લિસ્ટેડ કંપનીઓનું કુલ મૂલ્યાંકન ૨૮ મે, ૨૦૦૭ના રોજ USD 1 ટ્રિલિયનના સ્તરને વટાવી ગયું હતું. ૬ જૂન, ૨૦૧૪ના રોજ USD ૧.૫ ટ્રિલિયન સુધીની સફરમાં ૨૫૬૬ દિવસ અથવા માત્ર સાત વર્ષનો સમય લાગ્યો હતો. ૧૦ જુલાઈ, ૨૦૧૭ના રોજ લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપિટલાઈઝેશન USD 2 ટ્રિલિયન સુધી પહોંચ્યું હતું જે USD 1.5 ટ્રિલિયનના સ્તરથી ૧૧૩૦ દિવસ લીધા હતા. માર્કેટ કેપિટલાઈઝેશનમાં એક્સચેન્જને USD 1 ટ્રિલિયનથી USD 2 ટ્રિલિયન થવામાં દસ વર્ષ લાગ્યા હતા. ત્યાંથી ૧૬ ડિસેમ્બર, ૨૦૨૦ના રોજ USD 2.5-ટ્રિલિયનના આંકને વટાવવામાં ૧૨૫૫ દિવસ લાગ્યા. બુધવારે ભારતના શેરબજારોમાં શરૂઆતના સોદા પછી ઈક્વિટી સૂચકાંકો લાલ રંગમાં જોવા મળ્યા હતા. સવારે ૯:૫૦ વાગ્યે સેન્સેક્સ ૫૩ પોઈન્ટ અથવા ૦.૦૭ ટકા ઘટીને ૭૩,૯૦૦ પોઈન્ટ ઉપર અને નિફ્ટી ૨૫ પોઈન્ટ અથવા ૦.૧૨ ટકા ઘટીને ૨૨,૫૦૩ પોઈન્ટ ઉપર હતો. વૈશ્વિક મોરચે હોંગકોંગ, શાંઘાઈ, જકાર્તા અને સિઓલ લીલા રંગમાં ટ્રેડ થઈ રહ્યા હતા. ટોક્યો અને બેંગકોકમાં ટ્રેડિંગ રેડમાં હતું. અમેરિકન બજારો લીલા નિશાનમાં બંધ થયા હતા.

# ધોરણ-૧૦માં અગાઉના વર્ષમાં નાપાસ વિદ્યાર્થીને પણ પૂરક પરીક્ષાની તક માટે ભલામણ

અમદાવાદ, તા.૨૪ ધોરણ - ૧૦માં ગત વર્ષ માર્ચ - ૨૦૨૩માં બેઝિક ગણિત વિષયમાં પાસ થયેલા અને અગાઉના વર્ષમાં બે કે ત્રણ વિષયમાં નાપાસ થયેલા પરીક્ષાર્થીઓને જૂન-૨૦૨૪માં લેવાનાર પૂરક પરીક્ષામાં તક આપવા માટે શિક્ષણ બોર્ડના સભ્યએ બોર્ડના નાયબ અધ્યક્ષને પત્ર લખી ભલામણ કરી હોવાનું જાણવા મળે છે. આ વર્ષથી ધોરણ-૧૦માં ૩ વિષયમાં નાપાસ વિદ્યાર્થી પણ પરીક્ષા આપી શકે છે ત્યારે અગાઉના વર્ષમાં નાપાસ વિદ્યાર્થીને પણ પરીક્ષાની તક આપવા રજૂઆત કરાઈ છે. શિક્ષણ બોર્ડના સભ્ય ડૉ. પ્રિયવદન કોરાટે બોર્ડના નાયબ અધ્યક્ષને પત્ર લખી રજૂઆત કરી છે, જેમાં જણાવાયું છે કે, ધોરણ-૧૦માં માર્ચ - ૨૦૨૩માં બેઝિક ગણિતમાં પાસ થયેલા પરીક્ષાર્થીઓએ જૂન -૨૦૨૩થી ધોરણ -૧૧ (વિ.પ્ર.)માં સ્ટાન્ડર્ડ ગણિત વિષય પાસ કરવાની શરતે પ્રવેશ મેળવેલો છે. પરતું કોઈ કારણોસર જુલાઈ -૨૦૨૩ની પૂરક પરીક્ષામાં અમુક પરીક્ષાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત થઈ શકેલા ન હતા. માર્ચ-૨૦૨૪ની પરીક્ષામાં આવા પરીક્ષાર્થીઓને સ્ટાન્ડર્ડ ગણિત વિષયની પરીક્ષા આપવા માટેની તક મળેલી નથી. જેથી આ પરીક્ષાર્થીઓ માર્ચ-૨૦૨૪ની ધોરણ -૧૨ (વિ.પ્ર.)ની પરીક્ષાનું આવેદનપત્ર ભરી શકે નહીં માટે આવા પરીક્ષાર્થીઓને તેમજ આ વર્ષથી ધોરણ-૧૦માં ત્રણ વિષયમાં નાપાસ થયેલ પરીક્ષાર્થીઓ પણ પૂરક પરીક્ષા આપી શકે છે, ત્યારે ગત વર્ષ કે તેનાથી અગાઉના વર્ષોમાં નાપાસ થયેલા પરીક્ષાર્થીઓને પણ આગામી જૂન-૨૦૨૪માં પૂરક પરીક્ષાના આવેદનપત્રો ભરવાની તક મળી રહે તે માટે પરીક્ષાર્થીઓના શિક્ષણના હિતમાં આવેદનપત્ર ભરવાની છૂટ આપવા ઘટતું કરવા ભલામણ કરવામાં આવી છે

# ભારતમાં લોકો કોહલીને ટીમમાંથી કાઢવાનું કારણ શોધે છે : પોન્ટિંગ




બેંગ્લોર, તા.૨૪ ઓસ્ટ્રેલિયાના મહાન ક્રિકેટર રિકી પોન્ટિંગ હેરાન છે કે, ભારતમાં લોકો વિરાટ કોહલીની રાષ્ટ્રીય ટીમમાં પસંદગી નહીં કરવાનું કારણ શોધે છે અને તેમનું કહેવું છે કે, આ જાદુઈ બેટ્સમેન ટી-૨૦ વિશ્વકપ માટે તેમની પ્રથમ પસંદ છે.આઈપીએલમાં ૧૪ મેચોમાં ૭૦૮ રન બનાવી ચૂકેલો કોહલી જબરદસ્ત ફોર્મમાં છે પણ તેની સ્ટ્રાઈક રેટને લઈ સતત ચર્ચા થઈ રહી છે. દિલ્હી કેપિટલ્સના મુખ્ય કોચ અને ઓસ્ટ્રેલિયાના પૂર્વ કપ્તાન પોન્ટિંગે કહ્યું કે, આ ખૂબ જ હેરાન કરનારૂં છે. મને લાગે છે કે, ભારતમાં લોકો હંમેશા તેને રાષ્ટ્રીય ટીમમાં પસંદગી નહીં કરવાનું કારણ શોધે છે અથવા એ બતાવવાનો પ્રયાસ કરે છે કે, તે ટી-૨૦ ક્રિકેટમાં બીજાની જેમશાનદાર નથી. પોન્ટિંગનું માનવું છે કે, આગામી મહિને વેસ્ટઈન્ડિઝ અને અમેરિકામાં રમાનાર ટી-૨૦ વિશ્વકપમાં કોહલીએ કપ્તાન રોહિત શર્મા સાથે ઈનિંગની શરૂઆત કરવી જોઈએ. કારણ કે, બાદમાં સૂર્યકુમાર યાદવ સહિત અન્ય ઝડપથી રન બનાવી શકે છે. તેમણે કહ્યું કે,ઓપનિંગ જોડીને લઈને પસંદગીકારોએ નિર્ણય લેવાનો છે. કારણ કે, યશસ્વી જયસ્વાલ પણ ટીમમાં છે. જયસ્વાલના બેટિંગક્રમ અંગે નિર્ણય લેવો પડશે પણ મને વિશ્વાસ છે કે, ઈનિંગની શરૂઆત કોહલી અને રોહિત કરશે. તેમણે કહ્યું કે, તે ટોચના ક્રમમાં ભૂમિકા સારીરીતે નિભાવી શકે છે. સૂર્યકુમાર યાદવ અને બાકી બેટ્સમેન બાદમાં ઝડપથી રન બનાવી શકે છે. પોન્ટિંગે કહ્યું કે, આજકાલ ક્રિકેટમાંસરેરાશથી વધારે મહત્ત્વ સ્ટ્રાઈક રેટને મળી રહ્યું છે પણ ભારતીય ટીમ માટે કોહલીની ઉપયોગિતાને ઓછી આંકવી જોઈએ નહીં. તેમણે કહ્યું કે, ત્રણ અથવા ચાર વર્ષ પહેલાં ટીમો વિચારતી હતી કે ટોચના ક્રમમાં કોઈ બેટ્સમેન ૮૦ અથવા ૧૦૦ રન બનાવી લે ભલે તેના માટે ૬૦ બોલ રમે પણ હવે ટીમો ઈચ્છે છે કે,બેટ્સમેન ૧૫ બોલમાં ૪૦ રન બનાવે. મારૂં માનવું છે કે, દબાણની ક્ષણોમાં મોટી મેચોમાં વિરાટ કોહલીજેવો ક્રિકેટર જ જોઈએ.

# રાજ્યમાં હવે સૌપ્રથમ સરકારી ઓફિસોમાં સ્માર્ટ મીટર લગાવી પ્રયોગ કરવામાં આવશે

## વડોદરા, સુરત સહિતના વિસ્તારમાં સ્માર્ટ મીટરને લઈ ઉગ્ર વિરોધ બાદ સરકારનો નિર્ણય, લોકોને સંતોષ થાય તે બાદ જ આગળ વધીશું, બંને મીટર ચાલુ રખાશે : શિવહરે

ગાંધીનગર, તા.૨૪ ગુજરાતમાં સુરત અને વડોદરામાં સ્માર્ટ મીટરને લઈને છેલ્લા એક અઠવાડિયાથી વિરોધ થઈ રહ્યો છે. ત્યારે હવે સરકારે સૌ પહેલા ગુજરાતની તમામ સરકારી ઓફિસોમાં સ્માર્ટ મીટર લગાવી ટેસ્ટિંગ કરવાનો નિર્ણય કર્યો છે. સરકારી ઓફિસોમાં પ્રયોગ સફળ ગયા પછી જ નવા સ્માર્ટ મીટર ઘરોમાં લગાવવામાં આવશે. ઊર્જા વિભાગના એમડી જયપ્રકાશ શિવહરેએ જણાવ્યું હતું કે, લોકોનો વિશ્વાસ જીતી અને પછી પ્રોજેક્ટ આગળ વધારીશું. કોઈ જબરદસ્તી કરવામાં આવશે નહીં, સરકારી કચેરીમાં સ્માર્ટ મીટર લગાવીશું. જ્યાં મીટર લાગ્યાં છે ત્યાં લોકોને સમજાવાશે. પેન્ડિંગ બિલ ઈએમઆઈમાં લેવામાં આવતા હતા. જૂના અને નવા મીટરની રકમ બેલેન્સ કરવામાં આવશે. વપરાશ પ્રમાણે ટેરિફ પ્લાન છે એટલે ટેરિફ સમજી લોકો વિચારણા કરે. લોકોને સંતોષ થાય તે બાદ જ આગળ વધીશું. હાલ સરકારી કચેરીમાં શરૂઆત કરીશું. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, મીડિયામાં રિપોર્ટેડ તમામ કેસ શોધવા પ્રયાસ કર્યા છે. તમામ કેસમાં તપાસ કરાવી છે, એક પણ બાબતમાં તથ્ય જોવા મળ્યું નથી. જ્યારથી કન્ઝ્યુમર તરીકે છે ત્યારથી અમારી પાસે ડેટા છે. જે લોકો સ્માર્ટ મીટરમાં અત્યારસુધી ચુકવણી કરી રહ્યા છે તેમને જો કોઈ ફરિયાદ આવે એમાં તપાસ કરવા માટે અમે કટિબદ્ધ છીએ. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, લોકોને વિશ્વાસ બેસશે ત્યારપછી જ અમે આગળ વધીશું. મહાનુભાવો છે એમના ઘરે સ્માર્ટ મીટર લગાડવાના છીએ. અમે બધાને રિક્વેસ્ટ કરીએ છીએ કે, કોઈ અફવામાં ન આવે. એક પણ મીટરમાં ખામી જોવા મળે તો જવાબદારી અમારી છે. અમે એનાલિસિસ કરવા તૈયાર છીએ.અમે એક એક બિલ ચેક કરાવવા માટે તૈયાર છીએ. અમે બન્ને મીટર ચાલુ રાખીશું. લોકોને અપીલ છે કે, તમને કોઈ વિસંગતતા જોવા મળે તો અમને કહેજો. અમે આની જવાબદારી સ્વીકારવા તૈયાર છીએ. અમે ચેલેન્જ સાથે કહી શકીએ કે, આમાં કોઈ ખામી નથી. ખામી હશે તો અમારી કરેકશન કરવાની જવાબદારી છે. MGVCLના મેનેજિંગ ડાયરેક્ટર તેજસ પટેલે જણાવ્યું હતું કે, ૨૦૨૧માં ભારત સરકારે એક નોટિફિકેશન બહાર પાડ્યું હતું કે હવે એગ્રિકલ્ચર સિવાયના જેટલા પણ ગ્રાહક હોય એ તમામને ત્યાં સ્માર્ટ મીટરનો પ્રોજેક્ટ કરવાનો છે. આ નોટિફિકેશનના આધારે અમે મધ્ય ગુજરાતમાં પણ આપ્રોજેક્ટની શરૂઆત કરી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, અત્યારે અમે પાઈલટ પ્રોજેક્ટ હેઠળ કુલ ૨૭ હજાર જેટલા ગ્રાહકોને ત્યાં આ સ્માર્ટ મીટર નાખી ચૂક્યા છીએ. આમ તો આ પ્રોજેક્ટ હેઠળ ૨૫ હજાર જેટલાં મીટરો નાંખવાનાં હતાં પણ અમે ૨૭ હજાર જેટલો આંકડો પૂર્ણ કર્યો છે. આ લાગેલા મીટરના તમામ ડેટાનું એનાલિસિસ કરીને અને લોકોમાં જે ચિંતા ઊભી થઈ છે તેને જાણીને અમે આગળ વધીશું. તેજસ પટેલે વધુમાં જણાવ્યું હતું કે, અમે જે પાઈલટ પ્રોજેક્ટ તૈયાર કર્યો છે તેમાં બેઝિકલી એ જાણવા માંગીએ છીએ કે તે લગાવ્યાં પછી અમે કઈ રીતે તેનો ડેટા કલેક્ટ કરી શકીશું અને એ ડેટાનો ઉપયોગ કઈ રીતે કરી શકીશું, ગ્રાહકોને તે કઈ રીતે ઉપયોગી બનશે. સૌ પ્રથમ તો મધ્ય ગુજરાતમાં મારા જ ઘરેથી તેની શરૂઆત કરી હતી. એ પછી અમે તબક્કાવાર વડોદરા, ગોધરા અને નડિયાદની ગવર્નમેન્ટ કોલોનીમાં આ સ્માર્ટ મીટર લગાવ્યાં હતાં. એક ચોક્કસ વિસ્તારમાં ગ્રાહકોની જરૂરિયાત વધુ હોય છે કારણ કે કેટલાંક મીટરોની વચ્ચે એક



ડીસીઆઈ યુનિટ હોય છે જેનો ડેટા સિસ્ટમમાં આવે છે એટલે અમે મધ્ય ગુજરાતમાં અલગ અલગ પ્રકારની જિયોગ્રાફી અને વિસ્તારપસંદ કર્યો જેથી અમને સંપૂર્ણ પ્રકારની માહિતી મળી શકે. કોઈ જગ્યાએ કેટલીક વાર કનેક્ટિવિટીના પણ ઈશ્યૂ આવે છે તો તેને કેવી રીતે દૂર કરી શકાય તેનો આઈડિયા પણ પાઈલટ પ્રોજેક્ટથી આવે. તેમણે વધુમાં કહ્યું કે, જ્યારે ગ્રાહકને જૂનું બિલ આપવામાં આવે અને એ પછી સ્માર્ટ મીટર રિપ્લેસ કરવામાં આવે એ દરમ્યાનનો જે સમયગાળો હોય અને તેનો જે વપરાશ હોય છે તેને અમે ૬ મહિનાના અંતરે વસૂલ કરીએ છીએ. જો સામાન્ય ભાષામાં સમજ આપું તો જે દિવસે તમારા ઘરે સ્માર્ટ મીટર લાગે તે દિવસથી જ તમારા સ્માર્ટ મીટરનું એકાઉન્ટ શરૂ થઈ જાય છે. એટલે તમારા તમામ યુનિટ સ્માર્ટ મીટરમાં જ નોંધાય છે એટલે ઉપર ડે જેટલા યુનિટ સ્માર્ટ મીટરમાં નોંધાય છે તે હિસાબે એનર્જીના ચાર્જિસ કેલ્ક્યુલેટ થાય છે. એ પ્રમાણે જ તમારા ડેઈલી બિલની ગણતરી થાય છે. જે પ્રિપેડ બેલેન્સ હોય તેમાંથીકપાય છે. જે ચાર્જ રૂટિન બિલમાં લઈએ છીએ એ જ પ્રકારનો ચાર્જ અમે સ્માર્ટ મીટરમાં દિવસ દરમ્યાન ગણીએ છીએ.

# સોમનાથના પવિત્ર ત્રિવેણી સંગમનો ઘાટ કારીગરોથી નહિં પણ કારસેવક ભક્તોની શ્રમભક્તિથી બનેલો છે





(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૨૪

સોમનાથ- પ્રભાસ પાટણ તિર્થમાં હિરણ્યા, સરસ્વતી અને કપિલા એ ત્રણ નદીઓના સંગમ થઈ સમુદ્રને મળે છે. તે ઉદધિ તિર્થ ત્રિવેણી સંગમ ગંગા-યમુના જેટલું જ પવિત્ર મનાયું છે. તેમાં પવિત્ર સ્નાનનો પિતૃશ્રાધ્ધ કરવાનો ઘણો મહિમા પ્રાચીન સમયથી છે. મહાભારતના શલ્ય પર્વમાં ઉલ્લેખ મળે છે કે, 'ત્રિવેણી તિર્થ સર્વ તિર્થોમાં પ્રધાન અને ઉત્તમ તિર્થ પ્રભાસમાં છે જે દેવોને પણ દુર્લભ છે.'

ભારતની આઝાદી સમયે ઘાટ જર્જરીત અને વેરવિખેર જેવો હતો જે લાંબા સમય સુધી રહયો હતો. સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી જે.ડી. પરમાર કહે છે કે જેનો ઘાટ બનાવવા વેરાવળના ખારવા યુવક રામજીભાઈ ગોહીલે મને દરખાસ્ત આપી, જે મેં અધ્યક્ષ પાસે મંજુર કરાવી. અને રામજીભાઈ ગામડે ગામડે ફર્યા અને જણાવ્યું કે ત્રિવેણી માતાનું કામ છે, કામે આવવાનું છે. કાંઈ મળશે નહીં, સેવા કરવાની છે. સાધન અને ભોજન પણ તમારે સાથે લાવવાના છે. તે વખતે પંજાબમાં આસ્થા સ્થાનનું નિર્માણ 'કાર સેવા'થી થતું હતું તેવી તેમને જાણકારી હતી. અને ત્રિવેણી સંગમ ઘાટ માટેની કાર સેવાની સતાધારના તત્કાલીન મહંત જીવરાજ બાપુના વરદ્હસ્તે પહેલી પવિત્ર શિલાનું આરોપણ કરાયું હતું.

જે.ડી. પરમાર આગળ વાત વધારતા કહે છે કે રામજીભાઈના પ્રયાસો અને સોમનાથ ટ્રસ્ટના પ્રચારોથી લોકો શ્રમદાન માટે આવવા લાગ્યા, કોઈના હાથમાં પાવડો, ત્રિકમ તો કોઈના હાથમાં બકડીયા અને હથોડા તો કોઈના હાથમાં કોષ તો કોઈ પગે ચાલીને તો કોઈ પોતાના વાહનમાં આવ્યા. જાણે કોઈ મેળામાં આવતા હોય તેવો ઉત્સાહ હતો. આ કામનું પ્લાન કે એસ્ટીમેટ પણ નહોતા બનાવ્યા, તો આર્કિટેકટની સલાહ પણ લીધી ન હતી. રામજીભાઈને માત્ર એકજ ધૂન હતી કે સેવા કરવી..

રાત-દિવસ કામ ચાલ્યા જેને જે સમય અનુકુળ હોય ત્યારે શ્રમદાન માટે તે સમયે આવવાની છુટ હતી. રેતીનો પ્રશ્ન આવ્યો તો થોડી ત્રિવેણી નદીની બાકીની દરિયાની અને ભરવા અને લાવવા માટે શ્રમિકો વાહનો તો હાજર જ હતા. પત્થરનો સવાલ આવ્યો તો જુના કિલ્લાના પત્થરો લોકો લાવીને ઠાલવવા લાગ્યા, પણ માત્ર રેતી-પત્થરથી ચણતર ન થાય તે માટે સિમેન્ટની પણ જરૂર પડે જેની મોરાસા સિમેન્ટ ફેકટરીને વાત કરી તો તેઓએ ખુશીથી યોગદાન આપ્યું હતું. જેમ- જેમ પગથીયા બનતા ગયા તેમ પાછળના ભાગે ભરતી કરવા માટે પ્રશ્ન આવ્યો અને તે સમયમાં વેરાવળ ખાડીનું ખોદકામ ચાલતું હતું તેને વાત કરી તો તેઓએ ૪૦ જેટલા ડમ્પર માટી-પત્થરના ભરી રાત દિવસ ત્રિવેણી કાંઠે આવવા લાગ્યા. ન માત્ર ત્રિવેણી ઘાટ તેને જોડતા સ્મશાન ઘાટ જેની લંબાઈ ૭૦૦ ફુટ, પહોળાઈ ૯૦ ફુટ હતી તે પણ પુરી કરી. આમ તે ઘાટ પુર્ણ થતા તા.૧૫-૮-૮૬ ના રોજ લોકાર્પણ કરાયું તે લોકાર્પણ સમારોહમાં પણ રામજીભાઈ તો મુકસેવક બનીને શાંતિથી બેઠા હતા અને તેમના મુખે સંતોષની ઝલક વર્તાતી જોવા મળેલી. આવા મુકસેવક -પ્રેરક રામજીભાઈની સેવાઓને સોમનાથ ટ્રસ્ટના તાજેતરના મુખપત્ર 'સોમનાથ વર્તમાન'માં સવિસ્તર સ્થાન આપી ટ્રસ્ટના ઈતિહાસની નોંધમાં જળવાય તે માટે બે ભાગમાં તેના વિષે લેખ પ્રસિધ્ધ કરાવી તેને યાદ કર્યા.

# જૂનાગઢ બસ સ્ટેન્ડ ખાતે ડ્રાઈવર-કંડકટર માટે ઓઆરએસનું વિતરણ કરાયું



જૂનાગઢ તા. ૨૪

જૂનાગઢ બસ સ્ટેન્ડ ખાતે કાળઝાળ ગરમીમાં સતત કામ કરી રહેલા કંડકટર, ડ્રાઈવર માટે ઓઆરએસનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# જૂનાગઢ વિભાગીય યંત્રાલય ખાતે છાશ વિતરણનો કાર્યક્રમ યોજાયો

જૂનાગઢ તા. ૨૪



જૂનાગઢ વિભાગીય યંત્રાલય ખાતે ડીએમઈ સોલંકીના અધ્યક્ષસ્થાને વર્કશોપ કમીટી દ્વારા વિભાગીય વર્કશોપમાં ઉનાળાની કાળઝાળ ગરમીને અનુલક્ષીને તમામ કર્મચારીઓ માટ છાશ વિતરણનું આયોજન કરવામાં આવેલ હતું. સૌ કર્મચારીઓ તેમજ વિભાગના યુનિયનના હોદેદારો હાજર રહયા હતા તેમ કર્મચારી મંડળના ઉપપ્રમુખ વી.કે. ભાદરકાની યાદીમાં જણાવેલ છે.

# રંગ તરંત પરીવારનો ત્રીજો સ્નેહ મિલન સમારોહ એકસપ્રેસ હોટલ વડોદરા ખાતે યોજાયો

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના, તા.૨૪

સ્ટારમેકર એપ્લિકેશનનાં પ્રતિભાશાળી ગાયકોનાં એક "રંગ તરંગ પરિવાર"નો ત્રીજો સ્નેહ મિલન સમારોહ એક્સપ્રેસ હોટેલ, વડોદરા ખાતે યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆતમાં દરેક મેમ્બર્સ એ ચા-નાસ્તાને ન્યાય આપી પોતાના સ્થાન ગ્રહણ કર્યા બાદ બહેનો દ્વારા ગણપતિ વંદના, સરસ્વતી વંદના કરી સ્નેહ મિલનની શુભ શરૂઆત કરી ત્યારબાદ કેપ્ટન અપૂર્વદાદાએ ઉપસ્થિત રહેલા તમામ પરિવારજનોનું અભિવાદન કર્યુ હતું. ત્યારબાદ સંગીતની સુરિલી સફર સાથે બપોરે ભોજનના આસ્વાદ માણીને ફરી એકવાર રંગ તરંગ પરિવારે સંગીતનાં સૂર રેલાવતા રેલાવતા અશ્વિનભાઈ,અમીબેન અને નિતાબેનનાં લગ્નજીવન ની વર્ષગાંઠ નિમિત્તે ડો.રવીભાઈ તરફથી એક 'સરપ્રાઈઝ પાર્ટી' રૂપે ભવ્ય કેક કટિંગ દ્વારા ઊજવણી કરાઇ તે માટે ડો.રવીભાઈનો ખૂબ ખૂબ આભાર કાર્યક્રમની વચ્ચે હસમુખા... મૃદુભાષી કૉ કેપ્ટન હનુબેન દ્વારા વિવિધ પ્રકારની ઈવેન્ટ દ્વારા વિજેતાઓને ગિફ્ટ અને તમામ પરિવારજનો ને એક ખુબસુરત "રંગ તરંગ પરિવાર"ના લોગો વાળું સુંદર મજાનું કીચેઈન આપી પ્રોત્સાહિત કર્યા હતા. હનુબેનની આગેવાની હેઠળ નિતાબેન.... લીના બેન સિંઘ... લીનાબેન કપુરીયા સહિત સમગ્ર" અતરંગી ગ્રુપ" નાં બહેનો એ નિર્દોષ મસ્તી... મજાક અને આગવી શૈલીમાં સુંદર મજાનાં ગીતો રજૂ કરી ને સૌનાં દિલ જીતી લીધા હતા. મહેશમામા...જાનીની લાજવાબ કોમેડી.... માનવંતા મહેમાન ડૉ.ધામીની ઉપયોગી " ટિપ્સ" અને અંતમાં **"Review on RANG TARANG"** કાર્યક્રમ ખૂબ જ સફળ રહ્યા. નવા આવેલા મેમ્બર્સ વૈશાલીબેન, કૌશિકભાઈ ઉર્વિશભાઈ, પ્રશન્નાજી, વિરેનભાઈ, ડૉ.પી.સી.જોષી, અરુણભાઈ, સોનલબેન, મુકેશભાઈ કુકડીયા, નરેન્દ્રભાઈ તથા ઓસ્ટ્રેલિયાથી આવેલા અભિષેકભાઈએ "રંગ તરંગ પરિવાર "માટે પ્રશંસા નાં પુષ્પો વેર્યા હતાં. કાર્યક્રમ ને સફળ બનાવવા બરોડા નિવાસી દરેક મેમ્બર્સ એ ખૂબ કમર કસી હતી.ખાસ કરીને મનોજ વાઘેલા સાહેબ, અપૂર્વભાઈ દેશાઈ, હર્ષદભાઈ, અરૂણભાઈ રાવલ એ ખૂબ જહેમત ઉઠાવી હતી. દિવસના અંતે" રંગ તરંગ પરિવાર" નાં લોકલાડીલા ઓનર એવાં અપૂર્વ દાદા એ હાજર રહેલા તમામ પરિવારજનોનો ખૂબ ખૂબ આભાર માન્યો હતો. મોડી સાંજે દરેક પરિવારજનો બે દિવસની ઉજવણીની પ્રત્યેક ક્ષણ ને હૃદયસ્થ કરી ખુશીનાં માહોલ વચ્ચે સૌ પરિવારજનો પોતપોતાના સ્થાને પ્રયાણ કર્યું હતું.

## ૨ વર્ષ પહેલા ઘરો પર બુલડોઝર ચલાવાયું હતું

# હિમંત બિસ્વા સરમા સરકારને લાખો રૂપિયા ચૂકવવા પડયા

## પાંચ પરિવારોને ૩૦ લાખ રૂપિયાનું વળતર આપ્યું છે

નવી દિલ્હી, તા.૨૪

આસામ સરકારને યુપીના સીએમ યોગી આદિત્યનાથનું બુલડોઝર મોડલ ખૂબ જ મોંઘુ લાગ્યું છે. બુલડોઝરની કાર્યવાહીના કારણે હવે હિમંત બિસ્વા સરમા સરકારને લાખો રૂપિયા ચૂકવવા પડ્યા હતા. હકીકતમાં, આસામ સરકારે ૨ વર્ષ પહેલા જેમના ઘરો પર બુલડોઝર ચલાવવામાં આવ્યું હતું તેવા પાંચ પરિવારોને ૩૦ લાખ રૂપિયાનું વળતર આપ્યું છે. આ પરિવારો પર પોલીસ સ્ટેશનને સળગાવવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. બે વર્ષ પહેલાં, અધિકારીઓએ નાગાંવ જિલ્લામાં એક પોલીસ સ્ટેશનને સળગાવવામાં તેમની કથિત સંડોવણી માટે પોલીસને બુલડોઝ કરી હતી. પરંતુ હવે કોર્ટના આદેશ બાદ સરકારે વળતર આપ્યુ છે. આસામની હિમંત બિસ્વા સરમા સરકારે પણ સફીકુલ ઈસ્લામના પરિવારને ૨.૫ લાખ રૂપિયાનું વળતર મંજૂર કર્યુ છે. સફીકુલ ઈસ્લામનું પોલીસ કસ્ટડીમાં મોત થયું હતું. આ ઘટનાને પગલે સ્થાનિકોએ બતાદ્રવ પોલીસ સ્ટેશનને આગ ચાંપી દીધી હતી. આસામ સરકારના વકીલે બુધવારે ગૌહાટી હાઈકોર્ટને આ અંગે જાણકારી આપી હતી. વરિષ્ઠ સરકારી વકીલ ડી નાથે મુખ્ય ન્યાયાધીશ વિજય બિશ્નોઈ અને ન્યાયમૂર્તિ સુમન શ્યામની ડિવિઝન બેંચને એમ પણ કહ્યું હતું કે સફીકુલ ઈસ્લામનો પરિવાર હજી સુધી વારસદારનું પ્રમાણપત્ર રજૂ કરી શક્યો નથી. સર્ટિફિકેટ જમા કરાવતાં જ સત્તાવાળાઓ વળતરની રકમ જાહેર કરી દેશે.

તેમણે હાઈકોર્ટને એમ પણ કહ્યું હતું કે, નાગાંવ પોલીસ અધિક્ષકે સોમવારે અન્ય પાંચ પરિવારોને વળતર ચૂકવ્યું હતું. હકીકતમાં, ૨૧ મે, ૨૦૨૨ ના રોજ, માછલી વેચનારા ઈસ્લામનું પોલીસ કસ્ટડીમાં મોત નીપજ્યું હતું. આ પછી, કેટલાક લોકોના ટોળાએ નાગાંવ જિલ્લાના સલોનાબારી ગામમાં બાટાદ્રવા પોલીસ સ્ટેશનમાં આગ ચાંપી દીધી હતી. બીજા દિવસે આસામ સરકારની બુલડોઝર કાર્યવાહી જોવા મળી હતી. અધિકારીઓએ અગ્નિદાહની ઘટનામાં કથિત રીતે સંડોવાયેલા પાંચ પરિવારોના મકાનો તોડી પાડ્યા હતા. પોલીસે મકાનોને ગેરકાયદેસર ગણીને બુલડોઝરની કાર્યવાહી કરી હતી. ત્યારે પોલીસે જણાવ્યું હતું કે, તોડી પાડવામાં આવેલા મકાનો એવા લોકોના હતા જેઓ ત્યાં ગેરકાયદેસર રીતે અથવા બનાવટી દસ્તાવેજો સાથે સ્થાયી થયા હતા. ગૌહાટી હાઈકોર્ટે ગયા વર્ષે ઘરો પર બુલડોઝર કાર્યવાહીની સુઓ મોટુ નોંધ લીધી હતી. હાઈકોર્ટમાં તત્કાલીન શેફ જસ્ટિસ આર.એમ.છાયાની આગેવાની હેઠળની બેન્ચે કહ્યું હતું કે આ કાર્યવાહી ગેરકાયદે છે. ખંડપીઠે કહ્યું હતું કે, તેને અપેક્ષા છે કે રાજ્ય સરકાર ગેરકાયદેસર કાર્યવાહીથી અસરગ્રસ્ત લોકોને વળતર આપશે. અગાઉ હાઈકોર્ટે તત્કાલીન પોલીસ અધિક્ષકને ઠપકો આપ્યો હતો. કોર્ટે કહ્યું હતું કે, પોલીસ તપાસની આડમાં પરવાનગી વગર કોઈના ઘર પર બુલડોઝર ચલાવી શકે નહીં.

આ મામલે આ વર્ષે ૨૪ એપ્રિલે આઈજીપી એટલે કે ઈન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ (એડમિનિસ્ટ્રેશન)એ વળતરની દરખાસ્ત રાજ્ય સરકારના ગૃહ અને રાજકીય વિભાગના સંયુક્ત સચિવને મોકલી હતી. દરખાસ્ત મુજબ, દરેક પાકા મકાન માટે ૧૦ લાખ રૂપિયા અને તોડી પાડવામાં આવેલા દરેક કાચા મકાન માટે ૨.૫ લાખ રૂપિયા ભલામણ કરવામાં આવી હતી. આસામ સરકારે સોમવારે જે વળતર આપ્યું હતું તે બે પાકા મકાનો અને ચાર કાચા મકાનોને તોડી પાડવા માટે આપવામાં આવ્યું હતું. જો કે, બુધવારે ગુવાહાટી હાઈકોર્ટે આસામ સરકારને એ પણ પૂછ્યું હતું કે, ઘરોને બુલડોઝર મારનારા દોષી અધિકારીઓ સામે શું કાર્યવાહી કરવામાં આવી છે. કોર્ટે ચાર અઠવાડિયાની અંદર માહિતી માંગી છે.

# 'ઓનલાઈન' રજીસ્ટ્રેશન પછી ભક્તો ચારધામ યાત્રા ઉપર આવી શકશે

દેહરાદૂન,તા.૨૪

ચારધામ યાત્રા પર ભેગી થતી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓની ભીડના સારા વ્યવસ્થાપન માટે અને સલામત યાત્રા માટે, ઉત્તરાખંડ સરકારે બુધવારે ફરજિયાત નોંધણી લાગુ કરી હતી, જ્યારે નકલી નોંધણી દ્વારા કેદારનાથ યાત્રા પર જવાના ૯ કેસ નોંધવામાં આવ્યા હતા. ૧૦ મેના રોજ યાત્રા શરૂ થઈ ત્યારથી અત્યાર સુધીમાં પ્રથમ ૧૩ દિવસમાં ૮,૫૨,૦૧૮ યાત્રાળુઓએ ચારધામોની મુલાકાત લીધી છે. અધિકારીઓએ જણાવ્યું કે હરિદ્વાર અને ઋષિકેશમાં 'ઓફલાઈન' રજીસ્ટ્રેશન બંધ કરી દેવામાં આવ્યું છે અને હવે 'ઓનલાઈન' રજીસ્ટ્રેશન પછી જ ભક્તો ચારધામ યાત્રા પર આવી શકશે. તેમણે કહ્યું કે, ચારધામ યાત્રામાં દેશ-વિદેશમાંથી આવતા શ્રદ્ધાળુઓની વ્યવસ્થિત, સરળ, સલામત અને સુવિધાજનક યાત્રા માટે મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામી ખૂબ જ ગંભીર છે. મુખ્યમંત્રીના નિર્દેશ પર મુખ્ય સચિવ રાધા રતુરીએ શ્રદ્ધાળુઓ માટે એડવાઈઝરી જારી કરી છે, જેમાં તેમને રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ જ યાત્રા પર આવવા વિનંતી કરવામાં આવી છે. એડવાઈઝરી જણાવે છે કે જો તેઓ નોંધણી વગર આવે છે, તો તેમને 'બેરિયર' અથવા 'ચેક પોઈન્ટ' પર રોકવામાં આવી શકે છે અને આનાથી તેમને ભારે અસુવિધા થશે. યાત્રિકોને એવી પણ સલાહ આપવામાં આવી છે કે રજીસ્ટ્રેશન કર્યા બાદ તેઓ નિર્ધારિત તારીખે જ યાત્રા પર આવે અને જે ધામ માટે તેઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હોય તે જ રૂટ પર જવું જોઈએ. એડવાઈઝરીમાં, યાત્રાનું સંચાલન કરતી 'ટૂર એન્ડ ટ્રાવેલ' એજન્સીઓને એ પણ સુનિશ્ચિત કરવા માટે કહેવામાં આવ્યું છે કે મુસાફરોએ નોંધણી કરાવી છે કે નહીં અને શ્રદ્ધાળુઓને લઈ જતા પેસેન્જર વાહનને 'ટ્રીપ કાર્ડ' આપવામાં આવ્યું છે કે કેમ.? દરમિયાન, રુદ્રપ્રયાગ પોલીસે તપાસ દરમિયાન મળી આવેલા નકલી રજિસ્ટ્રેશનના ૯ કેસમાં એફઆઈઆર નોંધી છે. આ કેસોમાં નકલી નોંધણી પર કેદારનાથ યાત્રા પર આવવાના અને પછીની તારીખો માટે નોંધણીમાં છેતરપિંડી કરીને મેની તારીખ દર્શાવવાના કેસનો સમાવેશ થાય છે. રુદ્રપ્રયાગના પોલીસ અધિક્ષક વિશાખા અશોક ભદાનેએ જણાવ્યું કે બુધવારે કોતવાલી રુદ્રપ્રયાગમાં આ સંદર્ભે ૯ કેસ નોંધવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે તપાસમાં બહાર આવ્યું છે કે હરિદ્વાર અને ઋષિકેશમાં કેટલીક 'ટૂર એન્ડ ટ્રાવેલ્સ' એજન્સીઓ અને અન્ય લોકોએ આ લોકોને બનાવટી નોંધણી કરાવી છે. તેમણે કહ્યું કે આવા લોકોની માહિતી લેવામાં આવી છે. પોલીસ અધિકારીએ કહ્યું કે ટૂંક સમયમાં આ કેસોની તપાસ કરવામાં આવશે અને નોંધણીની છેતરપિંડીમાં સામેલ લોકો સામે કાર્યવાહી કરવામાં આવશે.

# આ વર્ષે આઈઆઈટીના ૩૮% વિદ્યાર્થીને નોકરી નથી મળી

નવી દિલ્હી, તા.૨૪

ભારતની પ્રતિષ્ઠિત એન્જિનિયરીંગ સંસ્થાઓ IIT જે એક સમયે નોકરીની ગેરન્ટી ગણાતી હતી, આજે અભૂતપૂર્વ પ્લેસમેન્ટ કટોકટીનો સામનો કરી રહી છે. IIT કાનપુરના ભૂતપૂર્વ વિદ્યાર્થી ધીરજ સિંહ દ્વારા દાખલ કરાયેલી આરટીઆઈની અરજીના જવાબમાં ચોંકાવનારા આંકડાઓ સામે આવ્યા છે. આ વર્ષે ૨૩ IIT કેમ્પસમાંથી લગભગ ૮,૦૦૦ (૩૮ ટકા) વિદ્યાર્થીઓને નોકરી મળી નથી. ૨૦૨૪માં પ્લેસમેન્ટ માટે નોંધણી કરાવનારા ૨૧,૫૦૦ વિદ્યાર્થીઓમાંથી માત્ર ૧૩,૪૧૦ને જ નોકરી મળી છે જ્યારે ૩૮ ટકા વિદ્યાર્થીઓ હજુ બેરોજગાર છે. આ આંકડો બે વર્ષ પહેલા કરતા ઘણો વધારે છે, જ્યારે ૩,૪૦૦ (૧૯ ટકા) વિદ્યાર્થીઓને નોકરી મળી ન હતી. નવ જૂની આઈઆઈટીની સ્થિતિ વધુ ચિંતાજનક છે. આ વર્ષે પ્લેસમેન્ટ માટે નોંધણી કરાવનારા ૧૬,૪૦૦ વિદ્યાર્થીઓમાંથી ૬,૦૫૦ (૩૭ ટકા) ને હજુ સુધી નોકરી મળી નથી. નવી ૧૪ IIT માં પણ ૫,૧૦૦ નોંધાયેલા વિદ્યાર્થીઓમાંથી, ૨,૦૪૦ (૪૦ ટકા) વિદ્યાર્થીઓ બેરોજગાર છે.

કન્સલ્ટન્ટ અને IIT કાનપુરના ભૂતપૂર્વ વિદ્યાર્થી ધીરજ સિંહે LinkedIn પર આ ચિંતાજનક આંકડા શેર કર્યા છે. તેમણે લખ્યું હતું કે "ગયા વર્ષે IIT ખડગપુરમાં ૩૩ ટકા વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટ મારફતે નોકરીઓ મળી ન હતી. પ્લેસમેન્ટની નબળી સ્થિતિને કારણે બેરોજગાર વિદ્યાર્થીઓ તણાવ, ચિંતા અને નિરાશાથી પીડાઈ રહ્યા છે." IIT દિલ્હીના ૨૨ ટકા વિદ્યાર્થીઓને છેલ્લા પાંચ વર્ષમાં નોકરી મળી નથી, અને ૨૦૨૪માં આ આંકડો વધીને ૪૦ ટકા થઈ જશે.



આવી કાળઝાળ ગરમીમાં છત ઉપર પક્ષીઓ માટે પાણીનું કુંડું મુકવામાં પણ તને આળસ આવે છે?



એક આ ઉનાળાની ગરમી, ને બીજી લોકસભાની ચુંટણીના પરિણામની ચિંતાની ગરમી, બે ગરમી વચ્ચે પીસાઈ જવાય છે!

# વિસાવદર કોર્ટે વિજ કંપનીની લેણી રકમની દરખાસ્તમાં જંગમ જપ્તી વોરન્ટ કાઢતા રકમ ભરાઈ

(વિનુ પુરોહિત દ્વારા)
વિસાવદર તા.૨૪

વિસાવદર સિવિલ કોર્ટમાં પી.જી. વી.સી.એલ.કંપનીના અધિક્ષક ઈજનેર બી.ડી.પરમારની સૂચના અને માર્ગદર્શન થી વિસાવદર સિવિલ કોર્ટમાં પશ્ચિમ ગુજરાત વીજ કંપનીના સબ ડિવિઝન નંબર-(૨)ના નાયબ ઈજનેર કમલ અખેણીયા દ્વારા વિસાવદર કોર્ટમાં નાની મોણપરી ગામના બધીબેન ઉર્ફે લાભુબેન પુનાભાઈ મકવાણા સામે પી.જી.વી.સી.એલ. કંપની તરફથી દાવો દાખલ કરવામાં આવેલ જે દાવાના કામમાં સમન્સ બજાવવા જતા તેઓનું નામ બધીબેન નહિ હોવાનું જણાવી અવારનવાર સમન્સ પાછો મોકલતા આ જ વ્યક્તિ પી.જી.વી.સી.એલ.કંપનીના અગાવ ગ્રાહક હોય તથા અગાવના દાવામાં પણ આજ નામે સમન્સ સ્વીકારેલ હોય તેમજ આ જ નામે કોર્ટમાં હાજર થઈ દાવામાં સમાધાન કરારદાદ કરેલ હોય અને દરખાસ્તમાં પણ આજ નામે હાજર થઈ રકમ જમા કરાવેલ હોય તેવી હકીકતો સાથે પી.જી.વી.સી. એલ. કંપનીના વિસાવદરના પેનલ એડવોકેટ નયનભાઈ જોશી દ્વારા રજુઆત કરી દાવામાં બધીબેન તથા લાભુબેન નામની વ્યક્તિ એક જ હોય તે સંબંધે અરજી આપી રજુઆત કરતા દાવામાં નામનો સુધારો કરવા કોર્ટ હુકમ કરેલ ત્યારબાદ પણ પ્રતિવાદી નામદાર કોર્ટમાં હાજર રહેલા નહિ અને દાવો વાદી કંપનીની ફેવરમાં મંજુર કરવામાં આવેલ દાવો મંજુર થયા બાદ પણ પ્રતિવાદીને રકમ ભરવા પી.જી.વી.સી. એલ કંપની તરફથી નોટિસ આપી જણાવવા છતાં રકમ નહિ ભરતા ફરીથી વિસાવદર કોર્ટમાં તેમની સામે દરખાસ્ત એડવોકેટ નયનભાઈ જોશી મારફતે દાખલ કરતા તે કામમાં પ્રતિવાદી સામે જંગમ જપ્તી વોરન્ટ ઈસ્યુ કરવા વિસાવદર કોર્ટ હુકમ કરતા દરખાસ્ત નંબર ૩૮/૨૪થી દરખાસ્ત દાખલ કરેલ હોય તે દરખાસ્તમાં પ્રતિવાદી દ્વારા પશ્ચિમ ગુજરાત વીજ કંપનીની દરખારતમાં કોર્ટનો હુકમ હોવાછતાં રકમ જમા નહિ કરાવતા પશ્ચિમ ગુજરાત વીજ કંપની વિસાવદર સબ ડિવિઝન નંબર (૨)ના અધિકારી કમલ અખેણીયા દ્વારા તેમની એટલે કે પ્રતિવાદીની મિલકત જપ્તી કરવા અરજી કરતા વિસાવદર કોર્ટના ન્યાયાધીશ એસ.એસ. ત્રિવેદી દ્વારા હુકમ કરતા તાત્કાલિક



અસરથી વિસાવદર કોર્ટમાં આવી વાંધા સાથે પુરેપુરી રકમ જમા કરાવી દીધેલ છે. વિસાવદર કોર્ટના બેલીફ એમ.ડી.વાઢેર તથા જીતેન્દ્ર લાલવાણી દ્વારા પ્રતિવાદીને ત્યાં જઈ વોરન્ટની જાણ કરતા પ્રતિવાદીએ નામદાર કોર્ટમાં હાજર થઈ રકમ ભરી આપેલ આમ માત્ર દરખાસ્ત કર્યાના ૧૯ દિવસમાં જંગમ મિલકત જપ્તીનો હુકમ થતા વીજચોરી કરનાર લોકોમાં ફફડાટ મચી ગયો છે અને કોર્ટ દ્વારા વીજ બીલની રકમ નહિ ભરતા લોકો સામે કડક કાર્યવાહી કરેલ છે.

# શ્રી કષ્ટભંજનદેવ દાદાને રંગબેરંગી ફુલોનો દિવ્ય શણગાર



(પ્રતિનિધી દ્વારા)
સાળંગપુર તા.૨૪

વડતાલધામ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશ દાસજી (અથાણા વાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી પૂનમ નિમિતે તા.૨૪-૦૫-૨૦૨૪ને શુક્રવાર ના રોજ સવારે ૫:૪૫ કલાકે શણગાર આરતી પૂજારી સ્વામી દ્વારા કરવામાં આવેલ. દાદાને દિવ્ય વાઘાનો શણગાર તેમજ દાદાના સિંહાસનને રંગબેરંગી ફુલોનો દિવ્ય શણગાર કરવામાં આવેલ. તેમજ મંદિરની યજ્ઞશાળામાં મારુતિયજ્ઞનું આયોજન કરવામાં આવેલ. હજારો ભક્તોએ પ્રત્યક્ષ તેમજ ઓનલાઈન આ અનેરા દર્શનનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કરેલ.

# ખંભાળિયા સગીરાના અપહરણ તથા દુષ્કર્મ પ્રકરણના આરોપીને દસ વર્ષની સખત કેદ તથા દંડ

(પ્રતિનિધી દ્વારા)
જામ ખંભાળિયા, તા.૨૪

દેવભૂમિ દ્વારકાના ખંભાળિયા વિસ્તારમાં રહેતી એક પરિવારની આશરે ૧૭ વર્ષની સગીર વયની પુત્રીને વર્ષ ૨૦૨૨ ના સમયગાળા દરમિયાન લલચાવી, ફોસલાવીને બદકામ કરવાના ઈરાદાથી લગ્ન કરવાની લાલચ આપીને અપહરણ થયાની ધોરણસર ફરિયાદ જુદી જુદી કલમ હેઠળ અહીંના પોલીસ મથકમાં નોંધાવવામાં આવી હતી. આ પ્રકરણમાં અહીંના ડી.વાય.એસ.પી. હાર્દિક પ્રજાપતિના વડપણ હેઠળ અહીંના પી.એસ.આઈ. વી.બી. પિઠીયા તેમજ ટીમ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીમાં આ અપહરણ પ્રકરણમાં સંડોવાયેલા અત્રે શક્તિનગર ગ્રામ પંચાયતમાં આવેલા ખોડીયાર પરા વિસ્તારમાં રહેતા મનોજ ઉર્ફે મનીયો વિરકુમાર ઉર્ફે રાજુભાઈ કેસરી નામના ૨૪ વર્ષના શખ્સને દબોચી લેવામાં આવ્યો હતો. ત્યાર બાદ અહીંના એડિશનલ સેશન્સ અને સ્પેશિયલ પોક્સો કોર્ટમાં ચાર્જસીટ ફાઈલ કરવામાં આવ્યું હતું. આ પ્રકરણમાં અહીંના સી.પી.આઈ. ટી.સી. પટેલ દ્વારા એકત્રિત કરાયેલા પુરાવો સાથે જિલ્લા મદદની સરકારી વકીલ ભગીરથસિંહ એસ. જાડેજા દ્વારા અદાલત સમક્ષ કરવામાં આવેલી ધારદાર દલીલો તેમજ આધાર પુરાવાઓને ધ્યાનમાં રાખી, નામદાર અદાલતે આરોપી મનોજ ઉર્ફે મનિયો કેશરીને તકસીરવાન ઠેરવી, એડિશનલ સેશન્સ જજ શ્રી વી.પી. અગ્રવાલે આરોપીને પોકસો તથા દુષ્કર્મની જુદી જુદી કલમ હેઠળ દસ વર્ષની સખત કેદ તથા કુલ રૂપિયા ૧૭,૦૦૦ નો દંડ ફટકારતો હુકમ કર્યો હતો છે. આ ઉપરાંત ભોગ બનનારને તેણીના સામાજિક, આર્થિક તેમજ માનસિક પુનર્વસન માટે વિટનેસ કમ્પન્શેસન સ્કીમ હેઠળ રૂપિયા એક લાખનું વળતર ચૂકવવા પણ આદેશ કરવામાં આવ્યો છે.

# યાત્રાધામ દ્વારકામાં વૈશાખી પુર્ણિમાના હજારો ભાવિકોએ ગોમતી સ્નાન કરી કાળિયા ઠાકોરના દર્શન કર્યા







## શ્રીજીને સાંજે પુષ્પ શુંગાર સાથે અન્કુટ મનોરથ દર્શન

(પ્રતિનિધી દ્વારા)
દ્વારકા તા.૨૪

યાત્રાધામ દ્વારકામાં ગઈકાલે વૈશાખી પુર્ણિમાંના દિવસે માનવ મહેરામણ ઉમટી પડ્યું હતું. વેકેશન અને પુનમ હોવાથી સમગ્ર દિવસ દરમ્યાન સંખ્યાબંધ ભાવિકોએ શ્રીજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. ગોમતી સ્નાન કરવા ભાવિકો ગોમતી ધાટ ઉપર ઉ[illegible]ચા હતા. પવિત્ર ગોમતી નદિમાં સ્નાન કરી પુણ્યનું ભાથુ બાંધ્યુ હતું. પુનમના સાંજે પાંચ વાગ્યે શ્રીજીના ઉત્થાપન દર્શન સમયે વારદાર પુજારી દ્વારા કા[illegible]યા ઠાકોરને પુષ્પ શુંગાર સ[illegible]થે અન્કુટ મનોરથ ધરાવવામાં આવ્યો હતો. સાથે અન્કુટ મનોરથ આરતી કરવામાં આવી હતી. તે દર્શનનો ભાવિકોએ લાભ લીધો હતો.

# શ્રી ગુગ્ગુલી બ્રાહ્મણ જ્ઞાતિ ૫૦૫ મહિલા મંડળ દ્વારા દ્વારકા ગોમતી ઘાટ પર ઉજવવામાં આવ્યો ચુંદડી મનોરથ : અનેક ભક્તોએ દર્શનનો લાભ પ્રાપ્ત કર્યો





(પ્રતિનિધી દ્વારા)
દ્વારકા તા.૨૪

દ્વારકાધીશ જગત મંદિરમાં સેવા પૂજા અને યજમાનવૃત્તિ કરનાર શ્રી ગુગ્ગુલી બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારકા મહિલા મંડળ દ્વારા વૈશાખ સુદ પૂર્ણિમાના દિવસે ભવ્ય ચુંદડી મનોરથ ઉજવવામાં આવ્યો હતો. દ્વારકાધીશ જગત મંદિર ના સ્વર્ગદ્વાર ૫૬ સીડી પાસે આવેલ ગોમતીઘાટ પરના ગોમતી મંદિરથી સામેના ઘાટ પંચ તીર્થ સુધીની માં ગોમતીને ચુંદડી અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિ મહિલા મંડળ પ્રમુખ સહિત કારોબારી સદસ્યો તેમજ મહિલા મંડળ સદસ્યો વિશેષ ઉપસ્થિત રહ્યા.ગોમતી મંદિરમાં ચુંદડીનું વિધિવિધાનથી પૂજન કરી ગોમતીઘાટ પર ગોમતી માતાની આરતી કર્યા બાદ ગોમતી નદી પર લગભગ ૩૫ જેટલી સાડીઓ સાથે એકત્ર કરી ચુંદડી મનોરથ ઉજવવામાં આવ્યો હતો.ગોમતી મંદિરના પૂજારી ચંદ્રેશભાઈ દ્વારા ચુંદડી મનોરથનું મહત્વ સમજાવવામાં આવ્યું.અત્રે ઉલ્લેખનીય છે કે આ પરંપરા ગંગાજી, યમુનાજી, નર્મદાજી વગેરે સ્થાનો પર પૌરાણિક કાળથી ચાલી રહી છે ત્યારે દ્વારકામાં દ્વારકા પૂર્વ શારદાપીઠાધીશ્વર બ્રહ્મલીન શંકરાચાર્ય સ્વામી શ્રી સ્વરૂપાનંદ સરસ્વતીજી મહારાજની આજ્ઞા થી આ પરંપરા ની શરૂઆત કરવામાં આવી છે.દર વર્ષે કારતક સુદ બીજ એટલે કે ભાઈબીજના પવિત્ર પર્વના દિવસે દ્વારકામાં ધામધૂમથી આ ઉત્સવ ઉજવવામાં આવે છે. કોઈપણ ભક્ત પોતાની મનોકામના પૂર્ણ કરવા વર્ષના કોઈપણ દિવસે કોઈપણ તિથિએ આ મનોરથ સ્વેચ્છાએ ઉજીવી શકે છે.

# જામકંડોરણા તાલુકાના ચરેલ ગામે શૈક્ષણીક માર્ગદર્શન સેમીનાર યોજાયો







(હરપાલસિંહ દ્વારા)
જામકંડોરણા તા.૨૪

શ્રી જામકંડોરણા રાજપુત યુવક મંડળ અને શ્રી જામકંડોરણા તાલુકા રાજપુત સમાજ દ્વારા જામકંડોરણા તાલુકા રાજપુત સમાજના વિદ્યાર્થીઓને શિક્ષણ બાબતે પુરૂ માર્ગદર્શન મળી રહે એ માટે એક શૈક્ષણિક માર્ગદર્શન સેમિનાર જામકંડોરણા તાલુકાના ચરેલ ગામે પ્રથમીક શાળા ખાતે યોજાઈ ગયો હતો. જેમાં ૧૦થી વધુ વાલી વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. રાજપૂત સમાજના પ્રમુખ તેજુભા જાડેજા અને સંકલન સમિતિના પ્રમુખ બાબભા બાપુ મેઘાવડના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમ ખુલ્લો મુકાયો હતો. શિક્ષણ જગતના મહાનુભાવો બેનબા ઉર્વશીબા જાડેજા ઉપલેટા, રાજકોટથી ઋષિકેશભાઈ જાની, હિરેનભાઈ પિત્રોડા, શ્રી ગૌસ્વામી, કિરીટસીંહ વાળા(પ્રિન્સીપાલ), ક્રિપાલસિંહ જાડેજા વગેરેએ વિષયો મુજબ ખુબ સરસ માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં સમાજના મહામંત્રી દિગુભા જાડેજા સાતોદડ, સમાજના ટ્રસ્ટી હેમતસિંહ ચૂડાસમા, સમાજ ટ્રસ્ટી કરણસિંહ જાડેજા થોરડી, ચરેલ સરપંચ અશોકસિંહ જાડેજા, થોરડી સરપંચ અશોકસિંહ જાડેજા, આચવડ સરપંચ રેવતુંભા ચોહાણ, શિક્ષક વીરભદ્રસિંહ જાડેજા મેઘાવડ, ઉપસરપંચ અનિરૂધસિંહ ચૂડાસમા, મહાવીરસિંહ જાડેજા કલ્યાણ પેટ્રોલિયમ સાતોદડ, યુવા અગ્રણી વિજયસિંહ જાડેજા ચરેલ, અનિરૂધ્ધસિંહ જાડેજા સાતોદડ, બળુભા જાડેજા સાતોદડ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન નરેન્દ્રસિંહ જાડેજા સાતોદડ અને હિતુભા ચુડાસમા ચરેલએ કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા કાર્યક્રમના પ્રણેતા રવિરાજસિંહ જાડેજા ચરેલ(રામદૂત પેટ્રોલિયમ) અને યુવા ટીમએ જહેમત ઉઠાવી હતી.

## સુપ્રિયા સુલેએ પૂણે પોર્શે કાર અકસ્માત અંગે ફડણવીસ પર નિશાન સાધ્યું

નવી દિલ્હી, તા.૨૪ : મહારાષ્ટ્રના પુણેમાં એક સ્પીડિંગ 'પોર્શ' કારની ટક્કરથી બે સોફટવેર એન્જિનિયરોના મોતના મામલામાં વિરોધ પક્ષોએ રાજ્ય સરકાર પર નિશાન સાધ્યું છે. મહારાષ્ટ્રમાં, વિપક્ષ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાટી (શરદ પવાર)ના નેતા સુપ્રિયા સુલે અને શિવસેના યુબીટીના નેતા સંજય રાઉતે આ અંગે નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ પર નિશાન સાધ્યું હતું. સુપ્રિયા સુલેએ કહ્યું કે સત્તામાં રહેલા લોકોએ જાહેર કરવું જોઈએ કે પુણેમાં પોર્શ કાર અકસ્માત કેસમાં પોલીસ પર કોણે દબાણ લાવવાનો પ્રયાસ કર્યો હતો.સુપ્રિયા સુલેએ કહ્યું, 'હું દેવેન્દ્ર ફડણવીસ પાસેથી જવાબ માંગું છું, તેમણે કહ્યું કે પોલીસે રાજકીય દબાણમાં આવવું જોઈએ


## નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **દેવાંગ જેન્તીભાઈ પીઠડીયા** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **દેવાંગભાઈ જયંતિભાઈ પીઠડીયા** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :
**દેવાંગભાઈ જયંતિભાઈ પીઠડીયા**
ઈ-વીંગ ૭૦૨, મોનાર્ચ રેસીડેન્સી,
૪ રાયજીનગર, જૂનાગઢ - ૩૬૨૦૦૧

## નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **આર્યનકુમાર શાંતીલાલ વીરોજા** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **આર્યન શાંતીલાલ વીરોજા** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :
**આર્યન શાંતીલાલ વીરોજા**
૯૯/૧૦૦ શ્રી ગોવર્ધન ફુલવાટીકા સોસાયટી,
ઝાંઝરડા રોડ, જૂનાગઢ - ૩૬૨૦૦૧

## નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **ભાવનાબહેન પ્રદિપકુમાર ટાંક** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **ભાવનાબેન પ્રદિપભાઈ ટાંક** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :
**ભાવનાબેન પ્રદિપભાઈ ટાંક**
હીરેન-૫ કામનાથ નગર, મધુરમ બાયપાસ સ્ટોપ,
ટીંબાવાડી, જૂનાગઢ - ૩૬૨૦૦૧


## જાહેરનામું

(ગુજરાત નગરપાલિકા અધિનિયમ -૧૯૬૩ ની કલમ૪૪ (૨)થી મળેલ સતાઓ અન્વયે)

આથી રાણાવાવ/આદિત્યાણા નગરપાલિકા વિસ્તારમાં આવેલ તમામ ખાનગી સાયટીઓ/ફ્લેટો/રહેણાંકવસાહતો/હોટલો/રેસ્ટોરન્ટઓ/હોસ્પિટલ/પેઢીઓ/કારખાનાઓ/સંસ્થાઓ અને ભૂગર્ભ ગટર/ખાળ કુવાની સફાઈ સાથે સકળાયેલા ઇજારદારો અને ખાનગી સફાઈકામદારો ને જણાવવામાં આવે છે.કે.કેન્દ્ર સરકાર દ્વારા મેન્યુઅલ સ્કેવેન્જર્સ ની પ્રથા નાબુદ કરવા સંદર્ભ "ધી પ્રોહીબીશન ઓફ એમ્પલોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રીહેબીશન એક્ટ -૨૦૧૩" નો અમલ તા.૧૯/૦૯/૨૦૧૩ થી તેમજ તે હેઠળના નિયમોનો અમલ તા.૧૨/૧૨/૨૦૧૩ થી સમગ્ર દેશમાં કરવામાં આવેલ છે. જેની જોગવાઈઓ મુજબ ભૂગર્ભગટર/ખાળકુવા માં ઉતરવા/ઉતારવાની સંપૂર્ણ પણે મનાઈ ફરમાવેલ છે.અને આ પ્રકારે ભૂગર્ભ ગટર/ખાળકુવામાં ઉતરવા કે કોઈ ને ઉતારવા માટે ફરજ પાડવાને ગેરકાયદેસર કૃત્ય ગણવામાં આવેલ છે.અને આવું ગેરકાયદેસર કૃત્ય કરનાર ખાનગી વ્યક્તિઓ/ખાનગી સંસ્થાઓ/ખાનગીસોસાયટીઓ/કોન્ટ્રકટરો સામે ફોજદારી રાહેપગલાં લેવાના થાય છે.વધુમાં આ બાબતે નામ સુપ્રિમકોર્ટ તરફથી તા.૨૦/૧૦/2023 ના ચુકાદાથી આપેલ આદેશો નું પણ ઉપરોકત તમામે ચુસ્તપણે પાલન કરવાનું રહે છે.જે મુજબ ગટર ગુંગળામણના કારણે મૃત્યુ પામેલ સફાઈકામદારોનાં મૃત્યુ ના કેસમાં સફાઈકામદાર ના વારસદારોને રૂ.૧૦ લાખ ને બદલે રૂ.૩૦ લાખ વળતર પેટે ચુકવણું કરવાનું રહેશે.તથા ગટર સફાઈ દરમ્યાન ઉદભવતી દિવ્યાંગતાના કીસ્સામાં દિવ્યાંગતા અનુસાર ન્યુનતમ રૂ.૧૦ નું લાખનું વળતર તથા દિવ્યાંગતા ના કિસ્સા માંન્યુનતમ રૂ.૨૦ લાખ નું વળતર નું ચુકવણું સંબંધિત સંસ્થાના હોદેદારો/માલિકો એ ચુકવવાની રહેશે.તેમજ ભૂગર્ભ સફાઈકામ નો કોન્ટ્રાક્ટ એજન્સી કે કોન્ટ્રાક્ટર ને આપવામાં આવેલ હોય તો સંબંધિત કોન્ટ્રાક્ટર દ્વારા રૂ.૩૦ લાખનો વીમો સફાઈ કર્મચારી દીઠ લેવો ફરજીયાત છે.

રાણાવાવ/આદિત્યાણા નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ તમામ રહેણાંક વિસ્તારમાં આવેલ મકાનો,વાણિજ્યવિસ્તારો,ઔધોગીક એકમોમાં હયાત સેપ્ટીક ટેન્કની સફાઈ/ખાળકુવા સફાઈ નિયમિત સ્વખર્ચ કરવાની રહેશે સદરહુ માહિતી મુજબ જો કોઈ વ્યક્તિ કાયદાનો ભંગ કરશે તો નગરપાલિકા દ્વારા જવાબદાર સામે નિયમ મુજબ દંડનીય કાર્યવાહી કરવામાં આવશે.આ જાહેરનામું પ્રસિદ્ધ થયેથી તાત્કાલિક અમલમાં રહેશે.

ચીફ ઓફીસર
રાણાવાવ નગરપાલિકા

માહિતી/પોર/જા.ખ.-૨/૪૯૩-૯૪/૨૪

# ‘લુ’ લાગવાનાં કેસમાં જૂનાગઢ સિવીલ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓ ભયમુકત

## ૧૦ બાળકો સહિત ૧૮ દર્દીઓને તત્કાલ સારવાર અપાઈ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૪

જૂનાગઢ સિવીલ હોસ્પિટલમાં હિટવેવની અસરને કારણે લુ લાગવાના કેસમાં ૧૦ બાળકો તેમજ ૪૦થી ૭૦ વર્ષની વયના ૮ મળી કુલ ૧૮ દર્દીઓ હાલ સારવાર હેઠળ છે અને તેઓની સ્થિતિ સુધારા ઉપર છે અને તમામ દર્દીઓ ભયમુકત હોવાનું જાણવા મળે છે.

જૂનાગઢ સહિત રાજયભરમાં કાળઝાળ ગરમીનું તીવ્ર મોજુ પ્રસરી ગયેલું છે અને આકાશમાંથી અગન વર્ષા થઈ રહી છે ત્યારે છેલ્લા ત્રણ દિવસથી જૂનાગઢમાં હિટવેવની સ્થિતિમાં જનજીવન પ્રભાવિત બન્યું છે. જૂનાગઢ શહેરમાં સતત ત્રીજા દિવસે ગઈકાલે ૪૪.૬ ડિગ્રી તાપમાન રહ્યું હતું અને હજુ છ દિવસ સુધી આકરી ગરમી પડશે તેવા વરતારા છે. તે દરમ્યાન છેલ્લા બે દિવસમાં સખ્ત ગરમી લાગવાથી ૧૦ બાળકો સહિત ૧૮ વ્યક્તિને સારવાર માટે સિવીલ હોસ્પિટલ જૂનાગઢમાં દાખલ કરવામાં આવેલ છે. તા.૨૧ મેના રોજ પાંચ બાળકો અને બીજા દિવસે પણ એટલા જ બાળકોને સારવાર માટે દાખલ કરાયા છે તેમજ છેલ્લા બે દિવસમાં ૪૦થી ૭૦ વર્ષની વયના વ્યક્તિઓને ગરમી લાગવાથી સારવાર હેઠળ છે. સિવીલ હોસ્પિટલના ઈન્ચાર્જ સુપ્રિન્ટેન્ડન્ટ દિગંત શિકોતરાએ જણાવ્યું હતું કે, હિટવેવની અસર પામેલા મોટાભાગના બાળકોની વય બે માસથી લઈ ૧૧ વર્ષની છે અને તેઓને યોગ્ય સારવાર મળતા તમામ દર્દીઓ ભયમુકત છે. વધુમાં છેલ્લા ત્રણ દિવસથી તાપમાનનો પારો સતત વધી રહ્યો છે અને ગરમી વધુ આકરી બની છે. જેને લઈને ગરમી લાગવાના કારણે દર્દીઓની સંખ્યામાં વધારો થયો છે. ગરમી લાગવાના મુખ્ય લક્ષણોમાં તાવ આવવો, ઉલ્ટી થવી, માથું દુઃખવું, સ્નાયુ સીથીલ થઈ જવા જેવી ફરીયાદો રહે છે. હિટવેવની સૌથી વધુ અસર બાળકોના આરોગ્ય ઉપર થવાની શકયતા રહે છે જેથી બાળકોને લુ ન લાગે તે માટે ભુલકાઓને ઘરમાં જ રાખવા હિતાવહ છે તેમ જણાવ્યું હતું. દરમ્યાન આકાશમાંથી સતત થઈ રહેલી અગન વર્ષાને કારણે જનજીવન પ્રભાવિત બનેલ છે. બેચેની, ગભરામણ, લુ લાગવા સહિતના કેસો સામે આવી રહ્યા છે પરંતુ લુ લાગવાના બનાવમાં તાત્કાલીક સારવાર મળી જાય તો દર્દી ઉપરનું જોખમ દુર થાય છે અને ભય મુકત બની જતા હોય છે. જૂનાગઢ સિવીલ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા હિટવેવના કારણે અસરગ્રસ્ત બનેલા તમામ ભયમુકત અને સારવાર હેઠળ છે.

### કોમી એકતા રાષ્ટ્રીય એકતા સમિતિ દ્વારા

# જૂનાગઢમાં સ્માર્ટ મીટરના વિરોધમાં આવેદનપત્ર અપાયું : રણનીતિ ઘડાશે

**ખાનગીકરણના નામે જનતાને લુંટવાનું બંધ કરો, સ્માર્ટ મીટર રદ કરો અને જુના મીટર યથાવત રાખવા માંગણી : સ્માર્ટ મીટરનો પ્રશ્ન નહી ઉકેલાય તો શહેર બંધ સહિતના કાર્યક્રમો યોજાશે**



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૪

સ્માર્ટ મીટર લગાવવાની કામગીરીનો ગુજરાતના વિવિધ શહેરોમાં ભારે હોબાળો મચી જવા પામેલ છે અને ઠેર-ઠેર વિરોધના મોર્ચા ખોલી નાખવામાં આવેલ છે ત્યારે જૂનાગઢમાં પણ સ્માર્ટ મીટરના વિરોધમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. પ્રિપેઈડ વીજ મીટરના વિરોધમાં ગઈકાલે કોમી એકતા રાષ્ટ્રીય એકતા સમિતી દ્વારા ગુજરાતના મુખ્યમંત્રીને ઉદેશીને લખાયેલ એક આવેદનપત્ર જીલ્લા કલેકટર મારફત પાઠવવામાં આવેલ હતું અને સ્માર્ટ મીટર રદ કરવાની અને જુના મીટર યથાવત રાખવાની બુલંદ માંગણી વ્યકત કરવામાં આવી હતી. આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર વર્તમાન સરકાર દ્વારા જનતાની માલિકીના જાહેર ક્ષેત્રના અનેક નિગમો, કંપનીઓ સાહસોનું ખાનગીકરણ કરવામાં આવી રહ્યું છે. ત્યારે ગુજરાતમાં વધુ એક વીજ પુરવઠો પુરૂ પાડતી વીજ કંપનીનું વિકાસના નામે ખાનગીકરણ કરી જાહેર જનતાને લુંટી ખાનગી કંપનીઓને લાભ અપાવવાના ઈરાદા સાથે જાહેર જનતાની સહમતી વિના પ્રિપેઈડ સ્માર્ટ વીજ મીટર લગાવવામાં આવી રહ્યા છે અને જેના ચાર્જીસ અનેકગણા વધારે છે. જે સામાન્ય જનતાને પરવડે નહી ત્યારે આ પ્રિપેઈડ સ્માર્ટ વીજ મીટર લગાવવાના વિરોધમાં કોમી એકતા રાષ્ટ્રીય એકતા સમિતિ જૂનાગઢ દ્વારા ગઈકાલે કલેકટર તેમજ સંબંધિત વિભાગને આવેદનપત્ર પાઠવી રજુઆત કરવામાં આવી હતી. આ તકે કોમી એકતા રાષ્ટ્રીય એકતા સમિતિના બટુકભાઈ મકવાણા, એડવોકેટ જીશાનભાઈ હાલેપૌત્રા, અગ્રણી વહાબભાઈ કુરેશી, મનોજભાઈ ભટ્ટ, કે.ડી. સગારકા, જાણીતા એડવોકેટ અશ્વિનભાઈ મણીયાર, સમજુભાઈ સોલંકી, ફિરોજભાઈ શેખ, અરજણભાઈ દેત્રોજા, અગ્રણી મુન્નાબાપુ કાદરી, હાજીભાઈ ઠેબા, પ્રફુલભાઈ કાલરીયા, હરેશભાઈ રાવળ, પરેશભાઈ વાઘેલા, અલ્લારખાભાઈ સોલંકી, નિલેશભાઈ દેવાણી, જનતા ગેરેજ ગ્રુપ તેમજ સોહિલ સીદીકી વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. વધુમાં આવેદનપત્ર આપવાનો કાર્યક્રમ યોજાયા બાદ હવે જૂનાગઢ શહેર અને જીલ્લાની એનજીઓ, સામાજીક સંસ્થાઓ તેમજ સર્વપક્ષીય આગેવાનોની બેઠક બોલાવી આગામી રણનીતિ ઘડી કાઢવામાં આવશે. તેમજ જરૂર પડયે શહેર બંધના કાર્યક્રમ પણ યોજવામાં આવશે તેમ જણાવ્યું હતું.

# કેશોદમાં લોખંડના હુકથી સાળાએ બનેવી ઉપર હુમલો કરી આંખ ફોડી નાંખી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

કેશોદ તા.૨૪

કેશોદમાં પતિ-પત્ની વચ્ચેના ઝઘડામાં સાળાએ બનેવી ઉપર હુંક જેવા હથીયાર વડે હુમલો કરી ગરદન, માથાના ભાગે , આંખના ભાગે ગંભીર ઈજાઓ કર્યાની ફરીયાદ કેશોદ પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે કેશોદ પોલીસમાંથી પ્રાપ્ત થતી વિગતો અનુસાર કેશોદ પોલીસ મથકે અશ્વીનભાઈ ઉર્ફે લાલો માણસુરભાઈ લીલાએ મુકેશભાઈ રામચંદ્રભાઈ ક્રિસણાણી રહે.અગતરાયવાળા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે ફરીયાદીને તેની પત્ની સાથે ઝગડો ચાલતો હોય અને બન્ને અઠવાડીયાથી બોલતા ચાલતા ન હોય જેથી આરોપી કે જે ફરીયાદીનો સાળો થતો હોય જે ફરીયાદીને મળી સમાધાનની વાતચીત દરમ્યાન એકદમ ઉશ્કેરાઈ જઈ ફરીયાદીને ભુંડી ગાળો કાઢી ઢિકાપાટુનો માર મારી ફરીયાદીના ટ્રક માથી સ્ટેપ્લી હુંક કાઢી ફરીયાદીને ગરદનમા ડાબી સાઈડ મારી તથા બીજો ઘા માથામા જમણી સાઈડે મારી તથા ત્રીજો ઘા ફરીયાદીની જમણી આંખ ઉપર મારતા હુંક આંખમા લાગી જતા આંખ ફોડી નાંખ્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે આરોપી વિરૂધ્ધ ઈપીકો કલમ ૩૨૬, ૩૨૪, ૨૯૪(ખ), જીપીએકટ ૧૩૫ મુજબ ગુનો નોંધી વધુ તપાસ કેશોદ પોલીસ સ્ટેશનના પીએસઆઈ બાલાસરાએ હાથ ધરી છે.

# ચોકી નજીક આવેલ કારખાનામાંથી વેલ્ડીંગની પેટી સહિતના મુદ્દામાલની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર)

જૂનાગઢ તા.૨૪

ચોકી(સોરઠ)પોલીસ ચેક પોસ્ટ પાછળ આવેલા કારખાનામાંથી વેલ્ડીંગ પેટી, ગેલ્ડર સહિત ફેબ્રીકેશનના માલની ચોરી થયાની ફરીયાદ જૂનાગઢ તાલુકા થાણે નોંધાઈ છે. આ અંગે જૂનાગઢ તાલુકા પોલીસમાંથી પ્રાપ્ત થતી વિગતો અનુસાર ફરીયાદી હર્ષદભાઈ પ્રવીણભાઈ મુળીયાસયાએ અજાણ્યા શખ્સ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદીએ ચોકી (સોરઠ) પોલીસ ચેક પોસ્ટ પાછળ લાલભાઈના કારખાનામાં શેડનુ ફેબ્રીકેશનનુ કામ રાખેલ હોય જેમાથી રાજદિપ વેલ્ડીંગ ટેકનોલોજી કંપની વેલ્ડીંગની પેટી કિ.રૂા.૭૨૫૦ તથા ગેલ્ડર આશરે કિ.રૂા.૩૦૦૦ તથા થ્રીફેસ બોર્ડ આશરે કિ.રૂા.૨૫૦ તથા ૬૦ મીટર વાયર તથા પેટીનુ ત્રીસ મિટર વાયર આશરે કિ.રૂ.૫,૦૦૦- એમ કુલ રૂા.૧૫.૫૦૦ના મુદ્દામાલ કોઈ ચોર ઈસમ ચોરી કરી ગયાની ફરીયાદ નોંધાવતા પોલીસ ગુનો નોંધી વધુ તપાસ એએસઆઈ આંત્રોલીયાએ હાથ ધરી છે.




# વિસાવદરમાં જુગાર દરોડો - 3 ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર)

વિસાવદર તા.૨૪

વિસાવદરના ખોડીયારપરા વિસ્તારમાં જાહેરમાં જુગાર રમતા ૩ શખ્સોને પોલીસે લીધા છે. આ અંગે વિસાવદર પોલીસમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ વિસાવદર પોલીસે જુગાર અંગે દરોડો પાડી જાહેરમાં તીનપતિનો રોન પોલીસ નામનો જુગાર રમતા હુશેન આમદભાઈ સમા, ફારૂક ઈશાભાઈ હાલેપુત્રા, પ્રવીણ ભીખુભાઈ મકવાણાએ ૨૫૩૦ના મુદ્દામાલ સાથે જુગાર રમતા ઝડપી લઈ તેમના વિરૂધ્ધ વિસાવદર પોલીસ મથકે જુગારધારા ૧૨ મુજબ કાર્યવાહી કરી છે.




## ઉનાળાની ગરમીમાં ‘લૂ’ લાગવા (હીટ સ્ટ્રોક)થી રક્ષણ મેળવવાના આરોગ્યલક્ષી ઉપાયો

**આટલું જરૂર કરશો**

- ઘરની બહાર હોય ત્યારે માથાનો ભાગ કપડા, છત્રી કે ટોપીથી ઢાંકી રાખો
- વજનમાં હળવા હોય તેવા સુતરાઉ વસ્ત્રો પહેરો
- તરસ ન લાગે છતાં પર્યાપ્ત માત્રામાં પાણી પીવાનો આગ્રહ રાખો
- આંખોના રક્ષણ માટે સન ગ્લાસીસ અને ત્વચાના રક્ષણ માટે સન સ્ક્રીન લગાવો
- ઓ.આર.એસ દ્રાવણ, છાશ, લસ્સી, લીંબુ પાણી, ભાતનું ઓસામણ, નાળિયેર પાણી સહિતના પીણાંનું સેવન કરો
- ગરમી સામે રક્ષણ માટે પ્રાથમિક સારવાર અંગે તાલીમ લેવી
- બાળકો, વૃદ્ધો અને બીમાર વ્યક્તિઓએ વિશેષ કાળજી રાખવી

**આટલું ન કરશો**

- બપોરના ૧૨ વાગ્યાથી 03 વાગ્યા સુધી તડકામાં ન જવું, ઉઘાડા પગે બહાર ન જવું
- બપોરના સમયે બહાર હોય ત્યારે શ્રમ પડે તેવી પ્રવૃત્તિ ન કરવી
- બપોરના સમયે રસોઈ કરવાનું ટાળો અને રસોડાના બારી અને બારણાં ખુલ્લા રાખો
- શરીરમાંથી પાણીનું પ્રમાણ ઘટાડે તેવા ચા, કોફી કે સોફ્ટ ડ્રિંક ન લેવા
- પ્રોટીનની વધુ માત્રા હોય તેવા મસાલેદાર, તળેલા, વધુ પડતા મીઠાવાળા આહાર ન લેવા

**થોડી વધુ સાવચેતી**

- શક્ય હોય ત્યાં સુધી ઘરમાં જ રહો
- ઘરગથ્થું ઉપાય જેવા કે કાચી કેરી સાથે ડુંગળીમાં ધાણાજીરૂ નાખેલું કચુંબર ‘લૂ’ સામે રક્ષણ આપે છે
- સૂકા પાંદડા, ખેતીનો કે અન્ય કચરો બાળશો નહિં
- ઊર્જા કાર્યદક્ષ સાધનો, શુદ્ધ બળતણ અને ઊર્જાના વૈકલ્પિક સ્રોતનો ઉપયોગ કરવો



**ખેડૂતો અને પશુપાલકોએ નીચે મુજબની સાવચેતી રાખવી**

- વહેલી સવારે અથવા સાંજે સિંચાઈ કરો
- પાકના વિકાસના મહત્ત્વના સ્તરે સિંચાઈની માત્રા વધારો
- નિંદામણ કરીને જમીનના ભેજનું પ્રમાણ જાળવો
- પશુઓને છાંયડામાં રાખો અને તેમને શુદ્ધ અને ઠંડુ પાણી પુષ્કળ પ્રમાણમાં આપો
- પશુઓને સવારના ૧૧ વાગ્યાથી સાંજે ૪ વાગ્યા સુધી બહાર કાઢવાનું ટાળો
- મરઘા ઉછેર કેન્દ્રમાં પડદા લગાવો અને હવા–ઉજાસની યોગ્ય વ્યવસ્થા કરો.
- પશુઓને આહારમાં લીલો ચારો આપો અને પ્રોટીન ચરબી વગરનો તથા ખનીજ દ્રવ્ય યુક્ત ખોરાક આપો
- પશુઓના આશ્રય સ્થાનમાં પંખા લગાવો, પાણીનો છંટકાવ કરો તેમજ આશ્રય સ્થાનને છાણ, માટી અથવા સફેદ રંગથી રંગો



**હેલ્પલાઈન નંબર-૧૦૭૭**

**ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ**